**Scheme for Decentralized Ground/Stilt Mounted Grid Connected Solar or other Renewable Energy based Power Plants under Component A of PM-KUSUM Scheme**

**Government of Gujarat**
**Energy and Petrochemicals Department**
**G. R. No: SLR/11/2020/Mini-185/B1**
**Sachivalaya, Gandhinagar**
**Date: 11 /12/2020**

## 1. READ:

1) Energy & Petrochemicals Dept. G.R. No.SLR/11/2019/51/B1, Date: 06/03/2019.
2) MNRE,GoI's Order No. 32/645/2017-SPV DIVISION, Date: 08/03/2019.
3) MNRE,GoI's OM No. 32/645/2017-SPV DIVISION, Date: 22/07/2019.
4) MNRE,GoI's OM No. 32/54/2018-SPV DIVISION, Date: 13/08/2019.
5) MNRE,GoI's OM No. 32/645/2017-SPV DIVISION, Date: 31/12/2019.
6) MNRE,GoI's OM No. 32/645/2017-SPV DIVISION, Date: 13/11/2020.

## 2. PREAMBLE

The Government of Gujarat is committed for the development of renewable energy sector and more particularly solar power sector to curb the threats of effects of Climate Change and to provide clean and green energy for the future generations to come.

The State also aims to generate power on decentralized locations for its consumption locally as well as facilitating small investors to contribute in green energy generation through small scale solar power plants on decentralized basis.

The Central Government through its Ministry of New & Renewable Energy has launched Component-A of Pradhan Mantri Kisan Urja Suraksha evam Utthan Mahabhiyan (PM-KUSUM) scheme for Decentralized Ground/Stilt Mounted Grid Connected Solar or other Renewable Energy Power Plants.

It is aimed at developing decentralized Solar energy and other renewable energy generation Plants of capacity up to 2 MW which could be connected directly to existing sub-stations of State Utility, thus saving in transmission system requirement apart from T&D losses. Such plants near these sub-stations may be developed, preferably by farmers, giving them an opportunity to increase their income.

The Renewable Energy based Power Plants (REPP) under the scheme would be implemented primarily on barren, uncultivable, fallow, pasturelands and marshlands of farmers. Agricultural land is also permitted under the scheme provided that solar plants are installed in stilt fashion (i.e. raised structure for installation of Solar panels) and with adequate spacing between panel rows for ensuring that farming activity is not affected. The RPG would be free to adopt any renewable energy source or technology while responding to the bid. However, in case of cultivable land with solar plants, the same may be installed on stilts, so that the farmers continue to cultivate the land, apart from getting the benefit of lease rent. In such a case DISCOM may also float bids (in case of specific substations) where setting up of solar projects on stilts may be mandatorily required, and bids for energy tariff invited accordingly.

## 3. RESOLUTION

Upon elaborate discussion and consultation with the concerned administrative departments of Government of Gujarat and various stakeholders, the State Government is pleased to announce that the Scheme for Decentralized Ground/Stilt Mounted Grid Connected Solar or other Renewable Energy Power Plants under Component A of PM-KUSUM Scheme is to be implemented in Gujarat state in consonance with MNRE's scheme guidelines and following terms and conditions:

1. The Solar Projects having size of 0.5 MW and above but not exceeding 2.00 MW installed and commissioned during the operative period of this Scheme shall qualify to be termed as "PM KUSUM-A PROJECTS" and be eligible for benefit of this Scheme. To support small farmers, the solar power projects smaller than 500 KW may be allowed based on techno-commercial feasibility.

2. REPP will be setup by individual farmers/ group of farmers/ cooperatives/ panchayats/ Farmer Producer Organizations (FPO)/Water User associations (WUA) hereinafter called Renewable Power Generator (RPG).

3. In case of REPP being developed by a developer, the Net-Worth of the developer should not be less than Rs. 1.00 Crore per MW (of the capacity applied). This shall not be applicable for farmers cooperative or panchayats or Farmer Producer Organizations (FPO) /Water User associations (WUA) or farmers setting up REPP in their own lands.

4. Tariff applicable under this Scheme shall be as per following mechanism: The tariff contracted in the competitive bidding process conducted by GUVNL and adopted by GERC at which PPAs are signed for procurement of Solar Power from projects located outside Solar Park prevailing as on 31st March (computed based on simple average of such tariff discovered and contracted over six months ending on 31st March) of any given year *with an addition of* Rs. 0.20 per unit shall be the applicable tariff at which the PPAs shall be signed during the immediately succeeding period of April to September by DISCOMs with these Solar Projects under this Scheme and similarly the contracted tariff prevailing as on 30th September of any given year (computed based on simple average of such tariff discovered and contracted and adopted by GERC over six months ending on 30th September) *with an addition of* Rs. 0.20 per unit shall be the applicable tariff for PPAs to be signed during the immediately succeeding period of October to March. However, the above mechanism of applicable tariff shall be subject to approval of GERC and the DISCOMs shall take one time approval of GERC. The Rs. 0.20 per unit addition in tariff is allowed towards Rs.0.12 per unit for saving in transmission loss as power will be injected in distribution grid and Rs.0.08 per unit is to compensate for expensive land cost, higher capital investment and maintenance cost due to small size of projects.
As the mechanism to determine tariff applicable is same as the "Policy of Development of Small Scale Distributed Solar Projects – 2019". The tariff

applicable for projects under "Policy of Development of Small Scale Distributed Solar Projects – 2019" can be made applicable/adopted under the "PM KUSUM - A SCHEME" subject to approval of GERC.

5. The above mentioned tariff shall be applicable for a PPA term of 25 years from Commercial Operation Date of the Projects.

6. The REPP Project shall be developed preferably on the land within 5 km radius of the substation, in order to avoid cost of transmission line and reduce transmission losses. In case the farmers/ group of farmers/ cooperatives/ panchayats/ Farmer Producer Organizations (FPO)/ Water User associations (WUA) etc. are not able to arrange equity required for setting up the REPP, they can opt for developing the REPP through developer(s) which will be considered as RPG in this case. In such a case, the land owner will get lease rent as mutually agreed between the parties. The lease rent may be in terms of Rs per year per acre of land or in terms of Rs per unit energy generated per acre of land area. The farmer(s) may opt for payment of lease rent directly in their bank account by the DISCOM, from the payment due to the developer.

7. a. **Notification of sub-station wise generation capacity**

GETCO shall assess and notify RE generation capacity that can be injected in to all 66/11 kV or 132/11 kV or 220/11 kV sub-station of rural areas and place such notification on its website for information of all stakeholders. To facilitate farmers willing to lease out their land for development of RE plants near above notified substation(s), as per provisions of this scheme, DISCOM may also place list of such farmers on their website. However, the leasing of land of any farmers will be a bi-partite agreement between the farmer and the developer and DISCOM will not be held responsible for failure in getting the land leased out to a developer. To meet additional demand DISCOM will augment the capacity of sub-station under IPDS or any other scheme.

b. **Expression of Interest (EoI) for Short-listing of RPG**

GEDA shall invite 66/11 kV or 132/11 kV or 220/11 kV sub-station wise EoI from RPG to participate in selection process for development of decentralized renewable power plants. The RPG shall submit their interest against the EoI as per the schedule notified by GETCO. An RPG will not be allowed to apply for more than one renewable power plant for a particular 66/11 kV or132/11 kV or 220/11 kV sub-station. The EoI of an RPG will also be disqualified if it is found that its proprietor/partner/director/member has also filed EoI as proprietor/partner/ director /member for another RPG for the same sub-station.

8. In case the total aggregate capacity of eligible applications received for a particular sub-station is less than or equal to the capacity notified for connectivity at the sub-station, LoA will be awarded to all eligible applicants for procurement of renewable power at a pre-fixed levelised tariff.

In case the total aggregate capacity of eligible application received for a particular sub-station is more than the capacity notified for connectivity at the sub-station, then DISCOM or any agency authorized by the DISCOM shall invite Bids from all these applicants, in such cases the prefixed levelised tariff will be the ceiling tariff for bidding. All eligible applicants will have to submit tariff bids within a prescribed time. Selection of bidders will be based on the lowest tariff offered in the ascending order as quoted by the bidders in the closed bid or e-reverse auction as the case may be. LoA will be awarded to all successful bidders.

9. The DISCOM or any agency authorized by the DISCOM may request to submit non-refundable processing fee from the interested RPGs, which in no case shall be higher than Rs. 5000 per MW or part thereof of the capacity applied for.

10. Gujarat Energy Developer Agency (GEDA) shall be the State Government Nodal Agency for facilitation and implementation of this Scheme. The nodal agency will facilitate and assist the Project Developers to undertake the activities like registration of projects, responding to queries and problems of Developers of Power Projects, issuing Commissioning certificates etc.

11. The RPG shall provide the following Bank Guarantees to DISCOM as follows:
    - Earnest Money Deposit (EMD) of Rs. 1 Lakh/MW in the form of Bank Guarantee along with EoI.
    - Performance Bank Guarantee (PBG) of Rs. 5 Lakh/MW within 30 days from date of issue of Letter of Award.

    The Bank Guarantees against EMD shall be returned to the selected RPG on submission of valid PBGs. The selected RPGs are required to sign PPA with the DISCOM in line with the timeline given in the Guidelines. In case, the selected RPG fails to execute the PPA within the stipulated time period, the Bank Guarantee equivalent to EMD shall be en-cashed by DISCOM as penalty. In case any bidder is not selected, DISCOM shall release the EMD within 15 days of the date of issue of LoA to selected RPG(s). The PBGs shall be valid for a period of 12 months from the date of issue of LoA for the REPP. The PBG will be returned to the RPG immediately after successful commissioning of solar power plant, after taking into account any penalties due to delay in commissioning as per provisions stipulated in the Guidelines.

12. The selected RPG shall commission the solar power plant within twelve months from date of issuance of LoA. The DISCOM is obliged to purchase power from that commissioned REPP any time after the issuance of LoA. A Committee duly constituted by GEDA comprising of DISCOM and GEDA officials will physically inspect the Plant in not more than 03 days from the date of receiving a call from the RPG and GEDA shall certify successful commissioning of the plant. In case any RPG fails to achieve COD within the stipulated period of twelve months, DISCOM shall encash the Performance Bank Guarantee (PBG) in the following manner:

    a. Delay up to two months - The PBG on per day basis and proportionate to the balance capacity not commissioned.

b. In case the commissioning of the solar power plant is delayed over two months, the PPA capacity shall stand reduced / amended to the Project capacity commissioned at the end of 11th month from date of issuance of Letter of Award.

In case of delays of plant commissioning due to the reasons beyond the control of the RPG, DISCOM after having been satisfied with documentary evidences produced by the RPG for the purpose can extend the time for commissioning date without any financial implications to the RPG.

13. **Commercial Operation Date (COD)**
The Commercial Operation Date (COD) shall be considered as the actual date of commissioning of the solar power plant as declared by the Commissioning Committee.

14. **Release of Performance Based Incentive to DISCOM**
DISCOM would be eligible to get PBI @ Rs. 0.40 per unit purchased or Rs. 6.6 lakh per MW of capacity installed, whichever is less, for a period of five years from the COD from MNRE as mentioned in MNRE's guideline.

15. **Clearances required from the State Government and other local bodies**
The RPG is required to obtain necessary clearances as required for setting up the REPP.

16. The Central Electricity Authority (CEA), GoI has published Central Electricity Authority (Technical Standards for connectivity to the Grid) Amendment Regulations, 2013, specifying various technical requirements for grid connection of renewable energy sources. These regulations and provisions of Grid Code, as amended from time to time, shall be binding to the Power Projects.

17. Interconnection voltages for projects upto2 MW shall be 11KV or 66 KV. The Interconnection voltages shall be governed as per GERC Regulations, as amended from time to time. However, the injection from MW Scale Projects shall be preferred directly in 66/132/220 KV Sub-station through a dedicated 11 KV feeder for better grid stability and reliability for injection of power.

18. Solar Project Developers shall be allowed to inject power at Interconnection Point, which shall be determined by DISCOM based on technical feasibility. The developers shall lay dedicated line at their own cost for evacuation of power up to Interconnection Point as per system study by DISCOM.

19. To optimize costs, Common dedicated evacuation line may be set up by a cluster of adjoining Developers with appropriate metering at their respective end of project as well as a common meter for such Project Developers at the Interconnection Point. Energy injection by each Solar Project at the receiving end shall be worked out on the basis of meter reading of common meter appropriately apportioned as

per the respective meter reading at the sending end meter of that Solar Project by DISCOM / SLDC / ALDC.

20. The electricity generated from the Solar Projects, shall be metered on 15-minute time block basis by DISCOM / ALDC / SLDC at Interconnection Point. For the purpose of energy accounting, solar generating projects shall provide ABT-compliant meters and RTUs at the interface points. Interface metering shall conform to the Central Electricity Authority (Installation and Operation of Meters) Regulations 2014 and amendment thereto. DISCOM / SLDC / ALDCshall stipulate specifications in this regard.

21. DISCOMs have to abide by the GERC Regulations and Orders from time to time. GERC has been deciding the overall RPO and sub-category wise procurement of Renewable energy Power from each Renewable energy Source. The DISCOMs shall buy Solar Power under this Scheme for meeting their RPO.

22. The Hon'ble Gujarat Electricity Regulatory Commission shall be guided by this Scheme while framing its rules, regulations and orders. The Solar Projects shall abide by the provisions of the GERC Regulation for forecasting and scheduling of Power Projects. The drawl of reactive power shall be charged as per the GERC order, as amended from time to time.

23. The Operation and Maintenance of dedicated evacuation line shall be carried out at the cost of the Project Developer as per applicable technical standards and best practices.

24. After commissioning of solar project, the installation shall not be allowed to be transferred inter se or from one location to another.

25. If there is any confusion or dispute about the meaning, intent or purpose of any provision of this Scheme, the interpretations given by Energy & Petrochemicals Department, Government of Gujarat shall be final and binding to all concerned.

This is issued with the concurrence of the Finance Department dated 12/10/2020 on the Department's file of even number.

By order and in the name of the Governor of Gujarat

( Dr. Nisarg Joshi )
Deputy Secretary to the Government

**Copy To :-**

- *The Principal Secretary to H.E. The Governor of Gujarat, Raj Bhavan, Gandhinagar.
- The Additional Chief Secretary to Hon. Chief Minister, Sachivalaya, Gandhinagar.
- The P.S. to Hon. Dy. Chief Minister, Sachivalaya, Gandhinagar.
- The P. S. to Hon. Minister (Energy), Sachivalaya, Gandhinagar.
- The P.S. to Hon. MoS (Energy), Sachivalaya, Gandhinagar.
- The Secretary, Ministry of Power, Govt. of India, Shram Shakti Bhavan, New Delhi.

- The Secretary, Ministry of New & Renewable Energy, CGO Complex, New Delhi.
- The Secretary, Central Electricity Regulatory Commission, New Delhi.
- The Chairman, Central Electricity Authority, New Delhi.
- The Joint Secretary to Chief Secretary, Sachivalaya, Gandhinagar.
- *The Secretary, GERC, Gift City, Gandhinagar.
- *The Registrar, Gujarat High Court, Ahmedabad.
- *The Secretary, Vigilance Commission, Gandhinagar.
- The Additional Chief Secretary, Finance Department, Sachivalaya, Gandhinagar
- The Principal Secretary, Climate Change Department, Sachivalaya, Gandhinagar
- *The Secretary, Gujarat Legislature Secretariat, Sachivalaya, Gandhinagar.
- The Resident Commissioner, Gujarat State, New Delhi.
- The Account General, Ahmedabad / Rajkot.
- All Departments of Secretariat, Sachivalaya, Gandhinagar.
- All Branches of Energy & Petrochemicals Department.
- The Chairman, Power Finance Corpo. Ltd. New Delhi.
- The Managing Director, Gujarat Power Corpo. Ltd., Gandhinagar.
- The Managing Director, Gujarat Urja Vikas Nigam Ltd., Vadodara.
- The Managing Director, Gujarat State Electricity Corpo. Ltd., Vadodara.
- The Managing Director, Gujarat Energy Transmission Corpo. Ltd., Vadodara.
- The Managing Director, Uttar Gujarat Vij Company Ltd., Mehsana.
- The Managing Director, Madhya Gujarat Vij Company Ltd., Vadodara.
- The Managing Director, Dakshin Gujarat Vij Company Ltd., Surat.
- The Managing Director, Paschim Gujarat Vij Company Ltd., Rajkot.
- The Director, Gujarat Energy Development Agency, Gandhinagar
- The Chief Electrical Inspector & Collector of Electricity Duty, Gandhinagar
- All Collectors.
- The Chief Executive Officer, Torrent Power Ltd., Lal Darwaja, Ahmedabad.
- Dy. Section Officer's select file.

***By Letter.**

**Amendments in the Scheme for Decentralized Ground/Stilt Mounted Grid Connected Solar or other Renewable Energy based Power Plants under Component-A of PM-KUSUM Scheme**

**Government of Gujarat**

**Energy and Petrochemicals Department**

**G. R. No: SLR/e-file/20/2022/0362/B1**

**Sachivalaya, Gandhinagar**

**READ:**

Energy & Petrochemicals Dept. G.R. No. SLR/11/2020/Mini-185/B1 dtd 11/12/2020.

**PREAMBLE:**

Government of Gujarat has announced the Scheme for Decentralized Ground/Stilt Mounted Grid Connected Solar or other Renewable Energy (RE) based Power Plants under Component A of PM-KUSUM Scheme vide resolution dated 11/12/2020 for the development of renewable energy sector and more particularly solar power sector to curb the threats of effects of Climate Change and to provide clean and green energy for the future generations to come.

It has emphasized upon review of existing tariff mechanism under Component-A, as the Scheme is purely for the farmers' wherein plant size is very small up to 2 MW. So, the rate received for the Large Scale Solar plant may not be applied to very small scale plant to be set up by farmers.

Further, in line with guidelines issued by MNRE vide OM dated 22.07.2019 for implementation of Pradhan Mantri Kisan Suraksha evam Utthan Mahabhiyan Scheme, it was under consideration to permit Agriculture land to be used under this Scheme. Farmer can increase their income by utilizing their barren and uncultivable land for such projects. Cultivable land may also be used if the Solar Plants are set up on stilts where crops can be grown below the stilts and sell RE power to DISCOMs

**RESOLUTION:**

Upon elaborate discussion and consultation with the concerned administrative departments of Government of Gujarat and various stakeholders, the State Government is pleased to amend the Scheme for Decentralized Ground/Stilt Mounted Grid Connected Solar or other Renewable Energy Power Plants under Component A of PM-KUSUM Scheme as under:

**Clause No. 2 is replaced as under:**

REPP will be setup by individual farmers/ group of farmers/ cooperatives/ panchayats/ Farmer Producer Organizations (FPO)/Water User associations (WUA) hereinafter called Renewable Power Generator (RPG).

The Solar Project registered under this Scheme does not require the conversion of land from Agriculture to Non- Agriculture for the purpose of this Scheme subject to, that the Solar Plants are installed in stilt fashion (i.e. raised structure for installation of Solar panels) and with adequate spacing between panel rows for ensuring that farming activity is not affected.

**Clause No. 4 is replaced as under:**

"The Injected Power fed to the grid shall be purchased by the concerned DISCOMs/GUVNL at the Rs. 2.95 per Unit for the procurement of 500 MW of Renewable Power capacity under Component-A of PM-KUSUM, subject to the approval of GERC."

**Clause no. 7 (b) is replaced as under:**

GUVNL/DISCOM shall invite 66/11 kV or 132/11 kV or 220/11 kV sub-station wise EoI from RPG to participate in selection process for development of decentralized renewable power plants. The RPG shall submit their interest against the EoI as per the schedule notified by GETCO. An RPG will not be allowed to apply for more

than one renewable power plant for a particular 66/11 kV or132/11 kV or 220/11 kV sub-station. The EoI of an RPG will also be disqualified if it is found that its proprietor/partner/director/member has also filed EoI as proprietor/partner/ director /member for another RPG for the same sub-station.

Scheme for Decentralized Ground/Stilt Mounted Grid Connected Solar or other Renewable Energy based Power Plants under Component-A of PM-KUSUM Scheme vide G.R. No. SLR/11/2020/Mini-185/B1 dtd 11/12/2020 stands amended to this extent.

This is issued with the concurrence of the Revenue Department and Finance Department on the Department's file of even number.

By order and in the name of the Governor of Gujarat

eSign Signed by: BHAKTI C SHAMAL
Organization Unit: Energy and Petrochemicals Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-Jan-2023 (03:38 PM)

**(Bhakti Shamal)**

**Deputy Secretary to Govt.**

**Energy & Petrochemicals Department**

**Copy To :-**

1. *The Principal Secretary to the Governor of Gujarat, Raj Bhavan, Gandhinagar.
2. The Principal Secretary to Hon. Chief Minister, Sachivalaya, Gandhinagar.
3. The P. S. to Hon. Minister (Energy), Sachivalaya, Gandhinagar.
4. The Secretary, Ministry of Power, Govt. of India, Shram Shakti Bhavan, New Delhi.
5. The Secretary, Ministry of New & Renewable Energy, CGO Complex, New Delhi.
6. The Secretary, Central Electricity Regulatory Commission, New Delhi.
7. The Chairman, Central Electricity Authority, New Delhi.
8. The Joint Secretary to Chief Secretary, Sachivalaya, Gandhinagar.
9. *The Secretary, GERC, Gift City, Gandhinagar.
10. *The Registrar, Gujarat High Court, Ahmedabad.
11. *The Secretary, Vigilance Commission, Gandhinagar.
12. The Additional Chief Secretary, Finance Department, Sachivalaya, Gandhinagar
13. The Principal Secretary, Climate Change Department, Sachivalaya, Gandhinagar
14. *The Secretary, Gujarat Legislature Secretariat, Sachivalaya, Gandhinagar.
15. The Resident Commissioner, Gujarat State, New Delhi.
16. The Account General, Ahmedabad / Rajkot.
17. All Departments of Secretariat, Sachivalaya, Gandhinagar.
18. The Chairman, Power Finance Corpo. Ltd. New Delhi.
19. The Managing Director, Gujarat Power Corpo. Ltd., Gandhinagar.
20. The Managing Director, Gujarat Urja Vikas Nigam Ltd., Vadodara.
21. The Managing Director, Gujarat State Electricity Corpo. Ltd., Vadodara.
22. The Managing Director, Gujarat Energy Transmission Corpo. Ltd., Vadodara.
23. The Managing Director, Uttar Gujarat Vij Company Ltd., Mehsana.
24. The Managing Director, Madhya Gujarat Vij Company Ltd., Vadodara.
25. The Managing Director, Dakshin Gujarat Vij Company Ltd., Surat.
26. The Managing Director, Paschim Gujarat Vij Company Ltd., Rajkot.
27. The Director, Gujarat Energy Development Agency, Gandhinagar
28. The Chief Electrical Inspector & Collector of Electricity Duty, Gandhinagar
29. The Director, Torrent Power Ltd, Samanvay, 600, Tapovan, Ambavadi, Ahmedabad.
30. Dy. Section Officer's select file.

***By Letter.**

રાજ્યમાં પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/બ૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૧૯/૦૬/૨૦૨૦

**વંચાણે લીધા:**

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૫.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક :બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૬.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક :બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
(૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
(૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૫.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
(૬) મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી(MNRE) વિભાગનો હુકમ ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીઝન તા-૮.૦૩.૨૦૧૯
(૭)MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીઝન તા-૨૨.૦૭.૨૦૧૯
(૮) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીઝન તા-૧૩.૦૮.૨૦૧૯
(૯) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક:૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીઝન તા-૧૯.૦૮.૨૦૧૯
(૧૦) MNRE વિભાગનો હુકમ ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીઝન તા-૧૫.૦૧.૨૦૨૦
(૧૧) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીઝન તા-૫.૦૨.૨૦૨૦
(૧૨) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીઝન તા-૭.૦૫.૨૦૨૦

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકારના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૫) નિર્દિષ્ટ ઠરાવોથી રાજ્યના ખેડૂતોને નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી "સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના" અમલમાં મુકવામાં આવેલ હતી. જે અંતર્ગત માર્ચ-૨૦૧૮ સુધીમાં,૧૨૭૪૨ ખેડૂતોને સોલાર પંપ સેટ્સ આપવામાં આવ્યા છે. જેની કુલ એકત્રિત સોલાર ક્ષમતા ૬૬ મેગા વોટ છે.

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ગીગા વોટ સોલાર પાવર ઉત્પાદનનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. આ માટે કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી (MNRE) દ્વારા ખેડૂતો માટે તારીખ ૮.૩.૨૦૧૯ ના હુકમથી સોલાર પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવા માટે પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાને મંજુરી આપવામાં આવેલ છે. MNRE દ્વારા તારીખ ૨૨.૭.૧૯ની કચેરી યાદીથી **કોમ્પોનન્ટ-A, B** અને **C**ની ગાઈડ લાઈન બહાર પાડવામાં આવેલ છે. જે અંતર્ગત **કોમ્પોનન્ટ-B** હેઠળ દેશભરમાં ૧૭.૫૦ લાખ સ્ટેન્ડ એલોન સોલાર ઉર્જા સંચાલિત કૃષિ સિંચાઈ પંપ આપવા માટે અમલવારીની શરતો સાથે કામગીરીની માર્ગદર્શિકા આપવામાં આવેલ છે.

આ યોજનામાં **PM-KUSUM કોમ્પોનન્ટ-B** હેઠળ ગુજરાત રાજ્યને **MNRE** દ્વારા શરૂઆતમાં ૪૦૦૦ સ્ટેન્ડ એલોન સોલાર પંપ લગાડવા માટે તારીખ ૧૫.૦૧.૨૦૨૦ ના હુકમથી મંજુરી આપવામાં આવેલ છે.

**ઠરાવ:**

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણાને અંતે રાજ્યનાં ખેડૂતોના લાભાર્થે કેન્દ્ર સરકારની પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન **(PM-KUSUM)** યોજનાનાં **કોમ્પોનન્ટ-B** હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાની અમલવારી PM-KUSUM યોજનાની ગાઈડ લાઈન પ્રમાણે નીચેની શરતો મુંજબ કરવા આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાનાં અમલીકરણ માટેની નોડલ એજન્સી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) રહેશે તથા અમલવારી જે તે વિસ્તારની વીજ વિતરણ કંપની દ્વારા કરવામાં આવશે.

**શરતો:-**

A. આ યોજનામાં જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પિયત માટે/હયાત ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય કરવામાં આવશે. આ યોજનામાં હયાત ગ્રીડથી વિજજોડાણ આપવુ ટેકનીકલી શક્ય ન હોય તેમજ કોમર્શીયલી વાયેબલ (વ્યવહારૂ) ન હોય તેવા દુર-સુદુરના વિસ્તાર, જંગલ, ઓફ ગ્રીડ વિસ્તારમાં ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેત તલાવડી તથા સરફેસ વોટરથી પિયત સુવિધા ધરાવતા અરજદારોનો સમાવેશ કરવામાં આવશે.

B. આ યોજનામાં સોલાર ફોટોવોલ્ટેઇક સંચાલિત ઓફ ગ્રીડ આધારીત કૃષિ હેતુ ૧ હો.પા., ૨ હો.પા., ૩ હો.પા., ૫ હો.પા., ૭.૫ હો.પા. અને ૧૦ હો.પા.નાં ડી.સી./એ.સી. સબમર્સીબલ

પંપ (વોટર ફિલ્ડ મોટર્સ), સરફેસ પંપ અને સબમર્સીબલ પંપ (ઓઈલ ફિલ્ડ મોટર્સ) સોલાર પંપનો સમાવેશ થઇ શકશે.

C. આ યોજના હેઠળ પિયત સહકારી મંડળી/સંગઠન અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ પણ આવરી લેવામાં આવશે. જો કે, નાના અને સીમાંત ખેડુતોને પ્રાધાન્ય આપવામાં આવશે.

D. સિંચાઇના હેતુ માટે પાણીનો ઉપયોગ ઓછો કરવા માટે, સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરતા અથવા સૂક્ષ્મ સિંચાઇ યોજનાઓ હેઠળ આવરી લેનારા અથવા સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમની યોજનામાં જોડાનાર ખેડુતો/અરજદારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

E. આ યોજનામાં લાભાર્થીને કુલ સીસ્ટમ ખર્ચના ૩0% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, ૩0% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦% રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

ઉપરોક્ત સબસીડી/CFA ૭.૫ હો.પા. ની ક્ષમતા સુધીના પંપસેટ પુરતી મર્યાદિત રહેશે. ૭.૫ હો.પા. થી ઉપરની ક્ષમતાના પંપસેટ માટે ૭.૫ હો.પા. ના પંપસેટને મળવા પાત્ર સબસીડી લાગુ પડશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાની રહેશે.

F. ડાર્કઝોન વિસ્તારમાં નવા પંપ સેટને મંજુર કરવામાં આવશે નહી પરંતુ હયાત ડીઝલ પંપ સેટને સોલાર પંપમાં રૂપાંતરીત કરવા માટે અરજદારોએ સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર સુક્ષ્મ પિયત પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

G. વધુમાં જયારે પણ ઓફગ્રીડ વિસ્તારમાં કૃષિ વીજ જોડાણો માટેની વીજ ગ્રીડની આંતર માળખાકીય સુવિધાઓ પહોંચે ત્યારે આવા ઓફ-ગ્રીડ સોલાર વોટર પંપને ગ્રીડની ક્ષમતાના આધારે ગ્રીડ સાથે સરપ્લસ વીજળી ફીડ (FEED) કરવા જોડી શકાય. આ સરપ્લસ વીજળી સંબધિત વીજ વિતરણકંપની દ્વારા રાજ્ય સરકાર/જીઈઆરસીએ નક્કી કરેલ દરે ખરીદી શકાશે.

H. કેન્દ્ર સરકાર દ્વારા મળવાપાત્ર સબસીડીનો લાભ લેવા માટે GUVNL એ MNREની ગાઈડ લાઈન તથા સંદર્ભ દર્શિત કચેરી ચાદી ક્રમાંક (૬) થી (૧૨) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

**<u>આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતો/અરજદારો માટેનાં માપદંડો/ ધારાધોરણો/ શરતો નીચે મુજબ રહેશે :-</u>**

(૧) જે અરજદારના નામે ઓછામાં ઓછી એક એકર જમીન અને તેમાં બોર/કુવો/ખેત તલાવડી હયાત હશે તેમને જ આ યોજનાનો લાભ મળી શકશે. આમ છતાં જે અરજદારની જમીનમાં બોર/કુવો/ખેત તલાવડી નહીં હોય છતાં અરજી કરેલ હશે તો આવા અરજદારોની અરજીનો અગ્રતાક્રમ હયાત બોર/કુવો/ખેત તલાવડી ધરાવતા અરજદારો પછી રહેશે. તેમજ લાભાર્થીને ફાળો ભરવાની જાણ કર્યા પછી બોર/કુવો/ખેત તલાવડી બનાવવા માટે બે માસનો સમય આપવાનો રહેશે.

(૨) લાભાર્થી એક જ સર્વે નંબરમાં અથવા પાસ પાસેના સંયુકત સર્વે નંબરો ગણતરીમાં લેતા એક જ માલિકીની કુલ ઓછામાં ઓછી એક એકર જમીન ધરાવતો હશે તો તે સદર યોજનામાં નોંધણી કરાવી શકશે. સદર કિસ્સામાં જમીન એક સાથે હોવી અનિવાર્ય રહેશે તથા લાભાર્થીને ૫ વર્ષ સુધી પરંપરાગત વીજ જોડાણ મળવા પાત્ર રહેશે નહી અને લાભાર્થી કે લાભાર્થીના વારસદારો તેવી માંગણી કરી શકશે નહી.

(૩) કૃષિ હેતુ પરંપરાગત વીજ જોડાણ માટે નોંધાયેલ તમામ અરજીઓ કે જેમાં અંદાજીત રકમ પાઠવેલ હોય અથવા જે અરજદારોએ અંદાજીત રકમ ભરપાઈ કરેલ હોય પરંતુ કામ શરુ ના થયું હોય તથા અગાઉ કૃષિ વીજજોડાણ માટે અરજીની નોંધણી કરાવેલ ન હોય એવા તથા તત્કાલ યોજનામાં વીજ જોડાણ મેળવવા સ્વીચ ઓવર/તબદીલ કરેલ તમામ અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે.

(૪) રાજ્ય સરકારની અગાઉની સોલાર પંપની યોજનામાં જે અરજદારે અરજી કરેલ હોય તેમને સોલાર પંપ કે પરંપરાગત વીજ જોડાણ હજુ સુધી મળેલ ન હોય તેઓ એક મહિનાની નિયત સમય મર્યાદામાં જુની નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ સાથે અરજી કરશે તો આવા અરજદારોને અગ્રતા આપવામાં આવશે.

(૫) જે અરજદારોએ પરંપરાગત વીજજોડાણ માટે અંદાજીત રકમ ભરી દીધી હશે તેમને આ યોજનામાં ભરવી પડતી ફાળાની રકમ સામે આ રકમ સરભર કરી આપવામાં આવશે.

(૬) આ યોજનામાં અરજી કરનાર તમામ અરજદારોએ અરજીફોર્મ સાથે રૂ. ૧૦૦૦/- ડીપોઝીટ પેટે જે તે સંબંધીત પેટા વિભાગીય કચેરીમાં ભરવાના રહેશે. અરજદારે એમએનઆરઈ થકી EOI પ્રક્રિયાથી નિયત કરેલ સોલાર સિસ્ટમની કુલ કીંમતના ૪૦% ફાળાની રકમ તથા વધારાની ભરવાપાત્ર રકમ સંલગ્ન વીજ વીતરણ કંપનીની જે તે પેટા વિભાગીય કચેરી ખાતે એક મહિનામાં ભરપાઈ કરવાની રહેશે. આ રકમ ભરતી વખતે ડિપોઝીટની રકમ બાદ આપવામાં આવશે. ખાસ સંજોગોમાં ફાળાની ૪૦%ની રકમ એક મહિનામાં ન ભરી શકે તેવા કિસ્સામાં જે તે વીજ વિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ અનુસાર સમય મર્યાદા વધારી શકશે.

(૭) સોલાર પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી પાંચ વર્ષ સુધી સરકારની રહેશે. આ સમયગાળો પૂર્ણ થયા બાદ લાભાર્થી પરંપરાગત કૃષિ વીજ જોડાણ માંગી શકશે, પરંતુ સોલાર પંપ સિસ્ટમને ગ્રીડ સાથે જોડવાની રહેશે અને તે માટે ગ્રીડ ટાઈ ઈન્વર્ટરનો થનાર ખર્ચ લાભાર્થીએ ભરવાનો રહેશે.

(૮) સોલાર પંપ, પેનલ તથા અન્ય માળખાની જાળવણી માટે જરૂરી ફેન્સીંગ લાભાર્થીએ સ્વખર્ચે કરાવવાની રહેશે તથા સિસ્ટમની સંપૂર્ણ જવાબદારી લાભાર્થીની રહેશે તથા લાભાર્થી પોતાની જમીનમાંથી સોલાર ઉર્જા પંપ અન્યત્ર ખસેડી શકશે નહીં કે કોઈને તબદીલ કરી શકશે નહીં.

(૯) સોલાર ઉર્જા પંપના સ્થાપન બાદ જો લાભાર્થી ૫ (પાંચ) વર્ષમાં પોતાની જમીનનું વેચાણ કરે/જમીનનો હેતુ ફેર કરાવે તો તેણે સબસીડીની તમામ રકમ સંબંધિત વીજ વિતરણ કંપનીને પરત કરવાની રહેશે.

(૧૦) સોલાર પેનલ દ્વારા ઉત્પન્ન થતી વીજળી ખેડૂત પોતાના વપરાશ માટે ઉપયોગ કરી શકશે. વીજ વીતરણ કંપની દ્વારા સોલાર ઉર્જાના વપરાશના યુનિટની નોંધણી કરવામાં આવશે પરંતુ તેનું બિલીંગ કરવામાં આવશે નહી. આ માટે કોઈ પણ પ્રકારનો વીજ દર (ટેરીફ) લાગું પડશે નહી.

(૧૧) અરજદારને આ હેતુ માટે કરેલ એક જ સમાન રોકાણ માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર ની બીજી કોઈ પણ યોજના હેઠળ અન્ય કોઈ લાભ મળી શકશે નહિ. જો અરજદારે સરકારશ્રીની બીજી કોઈ પણ યોજના હેઠળ કોઈ લાભ લીધો હોય તેવું જણાશે તો સબસીડીની રકમ તાત્કાલિક ધોરણે વસુલ કરવામાં આવશે.

(૧૨) ઉપરોક્ત બાબતો સિવાય વખતો વખત આ યોજના માટે MNRE દ્વારા બહાર પાડવામાં આવતી ગાઈડ લાઈન/સુચન/નિયમો લાગુ પડશે.

(૧૩) સદર યોજનાની જોગવાઈના અમલીકરણ કે અર્થઘટનની સમસ્યાનું નિવારણની સત્તા ઉર્જા અને પેટ્રોકેમિલ્સ વિભાગ, ગુજરાત સરકારને હસ્તક રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( વિજયસિંહ વાઘેલા )**
**અધિક સચિવ**
**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જા મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ઉર્જા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સ.શ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા

- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ - વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ

રાજ્યમાં પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના અંગે સુધારા ઠરાવ બહાર પાડવા બાબત

ગુજરાત સરકાર

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઠરાવ ક્રમાંક : SLR/૧૧/૨૦૨૦/૧૧૪૪/બ૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૬/૧૧/૨૦૨૧

વંચાણે લીધા:

૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૫.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧

૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૬.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧

૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ

૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ

૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૫.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ

૬) મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી (MNRE) વિભાગનો હુકમ ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૮.૦૩.૨૦૧૯

૭) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૨૨.૦૭.૨૦૧૯

૮) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૧૩.૦૮.૨૦૧૯

૯) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૧૯.૦૮.૨૦૧૯

૧૦) MNRE વિભાગનો હુકમ ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૧૫.૦૧.૨૦૨૦

૧૧) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૫.૦૨.૨૦૨૦

૧૨) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૭.૦૫.૨૦૨૦

૧૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૬.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧

૧૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા- ૨૫.૧૦.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: REN/૧૧/૨૦૨૧/૧૭૫૩/બ૧

પ્રસ્તાવના:

રાજય સરકારના વંચાણે લીધા ક્રમાંક (૧૩) થી રાજ્યના ખેડૂતોના સામાજિક આર્થિક ઉત્કર્ષ માટે "પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન યોજનાના કોમ્પોનન્ટ-બી" હેઠળ

સ્ટેન્ડ અલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનામાં અમલમાં મૂકવામાં આવેલ છે.

વધુમાં, રાજ્યમાં વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની સામાન્ય (SPA) યોજના અને આદિજાતિ (TASP) યોજનાના અરજદારોને કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું વળતર વનીકરણ ચાર્જીસ અને એન.પી.વી. (નેટ પ્રેસેન્ટ વેલ્યુ)ની રકમના વધારાના ખર્ચને કારણે ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય તેવા દૂર-સુદુર વિસ્તારના અરજદારોને તથા વળતર વનીકરણ ચાર્જીસ માટેની પ્રોસેસને લીધે અરજદારને વીજ જોડાણ આપવામાં વિલંબ ના થાય તે બાબતે રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:</u>

આથી રાજય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ વંચાણે લીધેલ ક્રમાંક: (૧૩) ના ઠરાવની જોગવાઈમાં જૂની શરત નં. E માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

<u>નવી શરત નં. E</u>

(i) આ યોજનામાં લાભાર્થીને કુલ સીસ્ટમ ખર્ચના 30% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, 30% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪0% રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

ઉપરોક્ત સબસીડી/CFA ૭.૫ હો.પા. ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત રહેશે. ૭.૫ હો.પા. થી ઉપરની ક્ષમતાના પંપસેટ માટે ૭.૫ હો.પા. ના પંપસેટને મળવા પાત્ર સબસીડી લાગુ પડશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાની રહેશે.

(ii) વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની સામાન્ય (SPA) યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય તેવા દૂર-સુદુર વિસ્તારના અરજદારોને સૌર ઉર્જા સંચાલિત કૃષિ સિંચાઈ પંપ સિસ્ટમ આપવા માટે, અરજદાર દ્વારા PM-KUSUM Component-B યોજના હેઠળ નિયમ અનુસાર ભરપાઈ કરવાના ફાળાના બદલે માનનીય ગુજરાત વિજ નિયમન પંચ મુજબ ફીક્સ્ડ કોસ્ટ મુજબનો ફાળો ભરપાઈ કરવાનો રહેશે, જ્યારે સદર રકમનો તફાવત રાજ્ય સરકારશ્રી દ્વારા વધારાની સબસીડી રૂપે PM-KUSUM Component-B યોજના હેઠળ આપવામાં આવશે તથા કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ (TASP) યોજનાના અરજદારોને કોઇ ફાળો ભરપાઈ કરવાનો રહેશે નહિ.

વધુમાં, વન વિસ્તારમાં ખાનગી જમીન (રેવન્યુ લેન્ડ) ધારક લાભાર્થી ઉપરાંત વન અધિકાર અધિનિયમ, ૨00૬ (Forest Right Act, 2006) અંતર્ગત જે વનવાસીઓને વન જમીન ઉપર

વ્યકિતગત દાવા મંજુર કરી ખેડાણના હક્કો આપવામાં આવ્યા છે, તેવા લાભાર્થીઓને ઉપરોક્ત લાભ આપવામાં આવશે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૧૩) ના ઠરાવની તથા (૧૪) ના સુધારેલ ઠરાવની અન્ય શરતો તથા બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧૩/૧૦/૨૦૨૧ ની નોંધથી આપેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. એસ. જોષી)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (ઉ. અને પે.)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉ. અને પે.) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ઉ.પે.વિ.) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી (ટેક), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (ઉ. અને પે.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી (ટેકનીકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ના. સે. અધી. અંગત ફાઈલ

રાજ્યમાં પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-C હેઠળ ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝેશન કરવા અંગેની યોજના બાબત.

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : SLR/11/2020/851/B1
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૬/૧૧/૨૦૨૦

**વંચાણે લીધા:**

1) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૬.૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:SLR/૧૧/૨૦૧૬/૨૨૮૪/બી૧ .
2) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૯.૦૯.૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:SLR/૧૧/૨૦૧૬/ ૨૨૮૪/બી૧
3) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારનો તા-૦૮.03.૨૦૧૯નો હુકમ ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન
4) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૨૨.૦૭.૨૦૧૯ ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન
5) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૧૩.૦૮.૨૦૧૯ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન
6) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૦૮.૧૧.૨૦૧૯ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭- SPV ડીવીઝન
7) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૩૧.૧૨.૨૦૧૯ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭- SPV ડીવીઝન
8) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારનો તા- ૧૯.03.૨૦૨૦ નો હુકમ ક્રમાંક: ૩૨/૫૪/૨૦૧૮- SPV ડીવીઝન
9) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૦૧.૦૭.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: SLR/૧૧/૨૦૧૯/૧૭૫૬/બી૧
10) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા-૨૭.૦૭.૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન(પાર્ટ-૩)

**પ્રસ્તાવના:**

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ગીગા વૉટ સોલાર પાવર ઉત્પાદનનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. આ માટે કેન્દ્ર સરકારના નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય(MNRE) દ્વારા ખેડૂતો માટે વંચાણે લીધેલ (૩) ના તારીખ ૦૮.03.૨૦૧૯ ના હૂકમથી સોલાર પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવા અને ગ્રીડ કનેક્ટેડ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવા માટે પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન(PM-KUSUM) યોજનાને મંજુરી આપવામાં આવેલ છે. આ યોજનાના કોમ્પોનન્ટ-C હેઠળ દેશભરમાં ૧૦ લાખ ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝ કરવાની મંજુરી આપવામાં આવેલ. આ યોજનાની અમલવારી ગુજરાત રાજ્યમાં કરવા અંગેની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણાને અંતે રાજ્યનાં ખેડૂતોનાં લાભાર્થે કેન્દ્ર સરકારની પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) કોમ્પોનન્ટ-સી ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝ કરવાની યોજનાની અમલવારી ગુજરાત રાજ્યમાં MNREની આ યોજના અંગેની ગાઈડ લાઈન પ્રમાણે નીચેની શરતો તથા ધારાધોરણો મુજબ કરવા માટે આથી ઠરાવમાં આવે છે:

**શરતો:**

(1) આ યોજનામાં ગ્રીડ સાથે જોડાયેલ સિંચાઈ હેતુ માટેના ખેતીવાડી વિજજોડાણ ધરાવતા અરજદારોનો તથા પિયત સહકારી મંડળી/સંગઠન અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમનો સમાવેશ થઇ શકશે.

(2) આ યોજના હેઠળ નાના અને સીમાંત ખેડુતોને તથા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરતા તે યોજના/સિસ્ટમ હેઠળ આવરી લેનારા ખેડુતો/અરજદારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

(3) જે તે ખેતીવાડી ફીડર પરના ઓછામાં ઓછા **૭૦% સુધી** ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો, આ યોજનામાં જોડાવા સહમતી આપે તેવા ફીડરનો આ યોજનામાં સમાવેશ થઇ શકશે.

(4) સરકારશ્રીની કિસાન સૂર્યોદય યોજનામાં આવરી લેવાતા ખેતીવાડી ફીડરો ઉપરના ખેતીવાડી વીજ ગ્રાહકો પણ આ યોજનાનો લાભ લઈ શકશે. આ માટે જે તે કિસાન સૂર્યોદય યોજનાના ફીડર માટે ઉપરોકત ૭૦ % સમાવેશનું ધોરણ લાગુ પડશે નહીં, પરંતુ આવા ફીડરો ઉપર થ્રી ફેઝ વીજ પુરવઠો નિયમ મુજબ ૮ કલાક ચાલુ રહેશે. જો આવા ફીડરો ઉપર આ યોજનામાં જોડતા ખેતીવાડી ગ્રાહકોની સંખ્યા ૭૦ % સુધી પહોંચે ત્યારે ફીડરમાં દિવસ દરમ્યાન સૂર્યોદય થી સુર્યાસ્ત સુધી થ્રી ફેઝ વીજ પુરવઠો શરત નં. '11' મુજબ ચાલુ રાખવાનો રહેશે અને બાકીના યોજનામાં ન જોડાતા ગ્રાહકોનો થ્રી ફેઝ વીજ પુરવઠો શરત નં. '12' મુજબ રહેશે.

(5) ડાર્ક ઝોન વિસ્તારમાં ફકત સુક્ષ્મ પિયત પદ્ધતિનો ઉપયોગ કરતા હયાત વીજ જોડાણ ધરાવતા ખેડૂતો જ આ યોજનામાં જોડાઈ શકશે.

(6) આ યોજનામાં જોડાતા ખેડૂતો પોતાના ખેતરમાં તેમના સિંચાઇ હેતુના ખેતીવાડી વીજ જોડાણના કરારીત વિજભારને HP માંથી kW માં રૂપાંતરિત કરી, જેતે kW ના ૧.૭૫ ગણા લેખે સોલાર ફોટોવોલ્ટિક પીવી સિસ્ટમ સ્થાપિત કરી શકશે.

(7) આ યોજનામાં જોડાતા ખેડુતોને સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાના કુલ ખર્ચના ૩૦ % રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, ૩૦ % રકમ રાજ્ય સરકારની સહાય (સબસિડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦ % રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

(8) ઉપરોક્ત સબસીડી અને CFA ૭.૫ હોર્સપાવર (HP)ની ક્ષમતા સુધીના કરારીત વિજભાર ધરાવતા વિજજોડાણ માટે, તેમના કરારીત વિજભાર(5.595 kW) ને ૧.૭૫ ગણા લેખે એટલે કે 9.79 kW (5.595 kW ×1.75) સોલાર ફોટોવોલ્ટિક પીવી સિસ્ટમ માટે જ મર્યાદિત રહેશે.

(9) આ યોજનામાં મળવાપાત્ર સોલાર સિસ્ટમ માટે ૭.૫ HP સુધીના જ કરારીત વિજભાર ધરાવતા ખેતીવાડી વીજ જોડાણનો સમાવેશ કરી શકાશે. ૭.૫ HPથી ઉપરના કરારીત વિજભાર ધરાવતા વીજ જોડાણો માટે સોલાર ક્ષમતા અને સબસીડી માટે ૭.૫ HPના ખેતીવાડી વીજ જોડાણને મળવાપાત્ર ક્ષમતા સુધી મર્યાદિત રહેશે.

(10) ખેડૂત અને જે તે વીજવિતરણ કંપની વચ્ચે વધારાની ઉત્પાદિત સોલાર વીજળીની ખરીદ-વેચાણ માટે ૨૫ વર્ષનો કરાર કરવામાં આવશે. આ કરાર દરમિયાન ખેડૂત દ્વારા ખેતીવાડી સિંચાઇ હેતુના વીજ વપરાશ ને બાદ કર્યા પછીની ગ્રીડમાં દાખલ કરેલ વધારાની સરપ્લસ (surplus) (net-injected) વીજળી જે તે વીજવિતરણ કંપની દ્વારા **₹૨.૮૩/યુનિટના** દરે ૨૫ વર્ષ સુધી ખરીદવામાં આવશે તથા નેટ ઈમ્પોર્ટના કિસ્સામાં પ્રવર્તમાન ખેતીવાડી વીજદર મુજબ ચૂકવણી કરવાની રહેશે. આ અંગેનો હિસાબ વર્ષાન્તે કરવાનો રહેશે. આ માટે માનનીય GERC દ્વારા નક્કી થયેલ દર માન્ય રહેશે.

(11) આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ફીડરમાં સોલાર સિસ્ટમથી ઉત્પાદિત વીજળીને ગ્રીડમાં મોકલવા (inject કરવા) માટે દિવસ દરમ્યાન સૂર્યોદય થી સુર્યાસ્ત સુધી થ્રી ફેઝ વીજ પુરવઠો ચાલુ રાખવાનો રહેશે. ભૂગર્ભજળનું શોષણ (water exploitation) ઘટાડવા અને પાણીનો સંચય કરવાના હેતુથી યોજનામાં ભાગ લેતા ખેડૂતના પંપસેટને રાજ્ય સરકારની નીતિ મુજબ ૮ કલાક સીમીત વીજ પુરવઠો મળી રહે તે માટે ટેકનીકલ વ્યવસ્થા કરવાની રહેશે.

(12) જે તે ફીડરના આ યોજનામાં ન જોડાતા ગ્રાહકોનો થ્રી ફેઝ વીજ પુરવઠો પ્રવર્તમાન નીતિ મુજબ ૮(આઠ) કલાક મળવા પાત્ર રહેશે. ફીડરના મેનેજમેન્ટ, મોનીટરીંગ, એનર્જી એકાઉન્ટીંગ માટે અન્ય ઉપકરણ જેવા કે, નિરીક્ષક ડીવાઈસ/ Feeder Management System, ડેટા ચાર્જ અને ટ્રાન્સફોર્મરના અર્થીંગ, વિગેરેની રકમ રાજ્ય સરકારશ્રી તરફથી વધારાની ગ્રાન્ટ તરીકે આપવામાં આવશે.

(13) આ યોજનાના અમલીકરણ માટે ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયની (MNRE) ગાઇડલાઈન મુજબ પારદર્શી બીડીંગ પ્રક્રિયા અપનાવી એજન્સીઓ નિયત કરવાની રહેશે. આ એજન્સીઓએ કુદરતી આપત્તિઓ અને ચોરી સામે સ્થાપિત સિસ્ટમો માટે સિસ્ટમોના કાર્યાન્વિત થયાની તારીખથી ૫ વર્ષના સમયગાળા માટેનો ફરજિયાતપણે વીમો અને પાંચ વર્ષ માટે વાર્ષિક સમારકામ કોન્ટ્રાક્ટ(AMC) લેવાનો રહેશે તથા MNREની ગાઈડલાઈન મુજબ રીમોટ મોનીટરીંગ સિસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(14) આ યોજનામાં સ્થાપિત થયેલ સોલાર સીસ્ટમમાં વપરાયેલ સોલાર સેલ અને સોલાર મોડ્યુલ, મોટરપંપ સેટ્સ, કન્ટ્રોલર, બેલેન્સ ઓફ સિસ્ટમ(BOS) વગેરે ભારતમાં ઉત્પાદિત થયેલ હોવા જોઈએ.

(15) સોલર સિસ્ટમની માલિકી પાંચ વર્ષ સુધી સરકારશ્રીની રહેશે. સોલર પેનલની સફાઈની જવાબદારી લાભાર્થીની રહેશે તથા લાભાર્થી પોતાની જમીનમાંથી સોલાર સિસ્ટમ અન્યત્ર ખસેડી શકશે નહી કે કોઈને તબદીલ કરી શકશે નહીં.

(16) જો સોલાર સિસ્ટમના સ્થાપન કર્યાના ૫ વર્ષની અંદર લાભાર્થી જમીનને બિનખેતીમાં રૂપાંતરીત કરાવે કે વેચાણ કરે તો તેણે સબસિડીની ની સંપૂર્ણ રકમ સરકારશ્રીમાં પરત કરવાની રહેશે.

(17) અરજદારને આ હેતુ માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારની બીજી કોઈ પણ યોજના હેઠળ અન્ય કોઈ લાભ મળી શકશે નહિ. જો અરજદારે સરકારશ્રીની બીજી કોઈ પણ યોજના હેઠળ કોઈ લાભ લીધો હોય તેવું જણાશે તો સબસીડીની રકમ તાત્કાલિક ધોરણે વસુલ કરવામાં આવશે.

(18) આ યોજનાના અમલીકરણ માટેની નોડલ એજન્સી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ(GUVNL) રહેશે. આ યોજનાની અમલવારી જે તે વિસ્તારની વીજ વિતરણ કંપની દ્વારા કરવામાં આવશે અને તે બદલ MNRE ની માર્ગદર્શિકા મુજબ મળવા પાત્ર CFA ના ૨% સર્વિસ ચાર્જીસની સહાય MNRE દ્વારા કરવામાં આવશે.

(19) ઉપરોક્ત બાબતો સિવાય આ યોજના માટે વખતો વખત MNRE દ્વારા બહાર પાડવામાં આવતી ગાઈડ લાઈન/સુચન/નિયમો લાગુ પડશે.

(20) સદર યોજનાની જોગવાઈના અમલીકરણ કે અર્થઘટનની સમસ્યાનું નિવારણની સત્તા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગુજરાત સરકારને હસ્તક રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૫/૧૧/૨૦૨૦ ની નોંધથી આપેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડૉ. નિસર્ગ જોષી )
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માન.રાં.ક.મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી(ઉપેવિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૯. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., વડોદરા
૧૦. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણા
૧૧. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ
૧૨. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., સુરત
૧૩. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા
૧૪. નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર
૧૫. મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર
૧૬. નાણાં સલાહકારશ્રી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૭. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
૧૮. સિલેક્ટ ફાઈલ/નાયબ સેક્શન અધિકારીશ્રીની અંગત ફાઇલ

PM-KUSUM યોજનાના કોમ્પોનન્ટ–C હેઠળ ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝેશન કરવા અંગેની યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : ERGD/SLR/20/2022/0485/B1
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬/૦૭/૨૦૨૩

**વંચાણે લીધા:**

1) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા–૦૬.૧૧.૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક : SLR/૧૧/૨૦૨૦/૮૫૧/બી૧.
2) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય (MNRE), ભારત સરકારની તા– ૦૪.૧૧.૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭– SPV ડીવીઝન
3) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય (MNRE), ભારત સરકારની તા– ૦૪.૧૨.૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭– SPV ડીવીઝન.

**પ્રસ્તાવના:**

કેન્દ્ર સરકારના નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય(MNRE) દ્વારા ખેડૂતો માટે વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરની તા. ૦૪.૧૧.૨૦૨૦ની કચેરી યાદીથી પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન(PM-KUSUM) યોજનાનું વિસ્તરણ કરીને ફીડર લેવલ સોલરાઈઝેશનનો સદર યોજનામાં સમાવેશ કરેલ છે. કેન્દ્ર સરકારના નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય(MNRE) દ્વારા ખેડૂતો માટે વંચાણે લીધેલ (૩) પરની તા. ૦૪.૧૨.૨૦૨૦ની કચેરી યાદીથી પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન(PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-C હેઠળ ફીડર લેવલ સોલરાઈઝેશનનાં અમલીકરણ માટેની ગાઈડલાઈન્સને મંજુરી આપવામાં આવેલ છે. કેન્દ્ર સરકારની સદરહુ ફીડર લેવલ સોલરાઈઝેશનની યોજનાનો રાજ્યમાં અમલ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે, રાજ્યનાં ખેડૂતોના લાભાર્થે કેન્દ્ર સરકારની ફીડર લેવલ સોલરાઈઝેશન યોજનાનો રાજ્યમાં અમલ કરવા સારૂ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવમાં નીચે મુજબની શરતો / જોગવાઈઓ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે:

(૧) આ યોજના હેઠળ એગ્રીકલ્ચર ફીડરનું સોલરાઈઝેશન કરી શકાશે. એગ્રીકલ્ચર ફીડર માટે કુલ વાર્ષિક પાવરની જરૂરિયાતનું મૂલ્યાંકન કરી, વાર્ષિક પાવરની જરૂરિયાતને પૂરી કરી શકે તેટલી ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ RESCO મોડથી બનાવવાનો રહેશે, જે ફીડરમાં પાવર સપ્લાય કરશે.

(૨) ફીડર લેવલ સોલરાઈઝેશનની કેન્દ્ર સરકારની ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક–(૩) પરની RESCO મોડ અંગેની ગાઈડલાઈન્સને અનુસરવાની રહેશે.

(૩) ફીડર લેવલ સોલરાઇઝેશન (PM KUSUM Component-C) યોજનામાં સમાવિષ્ટ ખેડૂતોને નીચે જણાવેલ શરતોને આધીન ઈન્સેન્ટીવ આપવામાં આવશે:

1. "ફીડરમાં સમાવિષ્ટ ખેતીવિષયક વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો જો તેમના બેન્ચમાર્ક વીજવપરાશ કરતા ઓછો વીજ વપરાશ કરે તો કરેલ વીજ બચતના રૂા .૦.૧૦/- પ્રતિ યુનિટ પ્રમાણે આપવામાં આવશે,
2. સરેરાશ વીજ વપરાશની આકારણી કરવા માટે ડીસ્કોમ જે તે વિસ્તાર મુજબ વિવિધ પરિબળો ધ્યાને લેશે.
3. જો ફીડરનો T&D લોસ ૧૦%થી નીચે હશે તો જ ઇન્સેન્ટીવ આપવામાં આવશે.
4. જો ફીડર લેવલે પ્રતિ હો.પા .બેન્ચમાર્ક વીજ વપરાશ કરતા ઓછો વીજ વપરાશ થાય તો જ ઈન્સેન્ટીવ આપવામાં આવશે.
5. હોર્સ-પાવર બેઝ વીજ ગ્રાહકોએ પોતાના વીજ જોડાણમાં મીટર સ્થાપિત કરવાની સંમતિ આપ્યેથી નિયમોનુસાર ઈન્સેન્ટીવ મળવાપાત્ર થશે" .

(૪) PM-KUSUM યોજનાના કોમ્પોનન્ટ-C હેઠળ ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝેશન કરવા અંગેની યોજનાના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

(૫) આ સુધારા ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૦૬/૨૦૨૩ની નોંધ પર મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી ના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: BHAKTI C SHAMAL
Organization Unit: Energy and Petrochemicals Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 26-Jul-2023 (06:44 PM)

(ભક્તિ શામળ)
સંયુક્ત સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન.મંત્રીશ્રી(નાણાં, ઉર્જા અને પેટ્રો.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. અગ્ર સચિવશ્રી(ઉપેવિ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી,ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., વડોદરા
૮. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણા
૯. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ
૧૦. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., સુરત
૧૧. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા
૧૨. નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર

૧૩. મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર
૧૪. નાણાં સલાહકારશ્રી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૫. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
૧૬. સિલેક્ટ ફાઈલ/નાયબ સેકશન અધિકારીશ્રીની અંગત ફાઇલ

**ગુજરાત રાજ્યમાં સ્થપાતા રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેક્ટસને ગુજરાત જમીન મહેસુલ સંહિતાની કલમ ૬૫-બી હેઠળ ડીમ્ડ એન.એ. પરવાનગીનો લાભ આપવા બાબત**

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

પરિપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૨૨/ઓએમઆર-૨૪/ક (સોલાર)

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૧૩-૦૪-૨૦૨૩

**સંદર્ભ :** (૧) મહેસૂલ વિભાગનો તા.૦૧/૦૭/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક

(૨) મહેસૂલ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૧૫/૯૨૪/અ-૧

(૩) ગુજરાત એક્ટ નં.૩/૨૦૧૬, તા: ૨૧/૦૩/૨૦૧૬,

(૪) ગુજરાત પાવર પોલીસી-૨૦૨૧, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, ગુજરાત સરકાર

(૫) PM-KUSUM યોજના ભાગ - A સબબનો ભારત સરકારના MNRE મંત્રાલયનો, તા: ૨૨-૦૭-૨૦૧૯ નો પરિપત્ર

(૬) ઉર્જા અને પેટ્રોકેમીક્લ્સ વિભાગ)નો પત્ર ક્રમાંક : SLR/11/2022/1269/B1 , તા: ૧૩-૧૦-૨૦૨૨

**: <u>પ્રસ્તાવના</u> :**

ગુજરાત એકટ નં.૬ ઓફ ૧૯૯૭ કે જે તા:૨૪-૧૨-૧૯૯૬ થી અમલી છે તેના દ્વારા ગુજરાત જમીન મહેસુલ સંહિતા,૧૮૭૯ ની કલમ-૪૮ ની પેટા કલમ :૨(ક) તથા કલમ ૬૫-ખ ઉમેરવામાં આવેલ છે. જ્યારે કોઇ જમીનનો ઉપયોગ પ્રામાણિક ઔદ્યોગિક હેતુ (બોનાફાઇડ ઇંડસ્ટ્રીયલ પરપઝ) માટે કરવાનો હોય ત્યારે કલમ-૬૫-ખ ની જોગવાઇ મુજબ કલેકટરશ્રીની પુર્વમંજુરીની જરુરીયાત રહેશે નહીં. આવી માંગણીવાળી જમીન પરત્વે કલેકટરશ્રી દ્વારા ડીમ્ડ એન.એ. પરમીશન આપવાની રહે છે.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ હેઠળ કાર્યરત સોલાર પાવર પોલીસી-૨૦૨૧ અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધી ૧૦૦ ગીગાવોટ પાવર જનરેશનનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. ગુજરાતનાં ઉધોગ સાહસિકો તેમજ જમીન માલિકો બન્નેને ફાયદો થાય તેવા ઉદ્દેશથી આવી જમીનોમાં રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ સ્થાપવા માટે ડીમ્ડ એન.એ. પરવાનગીનો લાભ મળે તો આવા પ્રોજેકટો ઝડપથી કાર્યરત થાય અને ઉર્જા ઉત્પાદનના મહાત્વાકાંક્ષી લક્ષ્યાંકો સિધ્ધ કરી શકાય. ભારત સરકારનાં

MNRE મંત્રાલય દ્વારા ખેડુતો માટે તા: ૧૩-૦૩-૨૦૧૯ થી અમલી PM-KUSUM યોજનાના ભાગ – A અંતર્ગત વિકેંદ્રિત ગ્રીડ દ્વારા ૧૦૦૦૦ મેગાવોટ ઉર્જા ઉત્પાદનનો લક્ષ્યાંક છે.

રાજ્યમાં તમામ રીન્યુએબલ એનર્જીના પ્રોજેકટસ જેવા કે, સુર્યઉર્જા, પવન ઉર્જા, વીન્ડ-સોલાર હાઇબ્રીડ, PM-KUSUM યોજના વિગેરે પ્રોજેકટના ઝડપી વિકાસ માટે આ યોજનાઓ હેઠળ સ્થાપિત થતા પાવર પ્લાન્ટને પણ ડીમ્ડ એન.એ. પરવાનગીનો લાભ આપવામાં આવે તો આવા પ્લાન્ટ ઝડપથી કાર્યરત થઇ શકે તે બાબતે સંદર્ભ (૬) દર્શિત પત્રથી ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ દ્વારા રજુઆત કરેલ હતી. આથી રીન્યુએબલ એનર્જી બેઝ્ડ તમામ પ્રકારના પાવર પ્લાન્ટના હેતુને ડીમ્ડ એન.એ. પરવાનગી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :** આથી પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે નિમ્નલિખિત સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે :

૧. *ગુજરાત રાજ્યમાં સ્થપાતા રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ જેવા કે, સુર્ય ઉર્જા, પવન ઉર્જા, વિન્ડ-સોલાર હાઇબ્રીડ આધારિત પ્લાન્ટ,* સોલાર પ્રોજેકટને તથા કેંદ્ર સરકારની PM-KUSUM યોજના અંતર્ગત સ્થાપવામાં આવતા સોલાર પાવર પ્લાન્ટના હેતુને પ્રામાણિક ઔધોગિક હેતુ (બોનાફાઇડ ઈન્ડસ્ટ્રીયલ પરપઝ) તરીકે માન્યતા મળેલ હોઇ ; ખાનગી માલીકીની જમીનનો આ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવે કે આ હેતુઓ માટે જમીન ખરીદવા અને ઉપયોગ કરવા અંગેની પ્રવૃત્તિને ગુજરાત જમીન મહેસુલ સંહિતા,૧૮૭૯ ની કલમ-૪૮ તથા કલમ ૬૫-બી હેઠળ આવરી લઇ તેને ખરેખર ઔધોગિક હેતુ ગણી ડીમ્ડ એન.એ. પરવાનગી આપવા અંગે કાર્યવાહી કરવા તમામ કલેકટરશ્રીઓને સુચિત કરવામાં આવે છે.

૨. મહેસુલ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નિયમાનુસાર વસુલવાપાત્ર રુપાંતર કર તથા બિનખેતી આકાર/ડ્યુટી/ચાર્જીસની વસુલાત ડીમ્ડ એન.એ. નો હુકમ કરતા સમયે કલેકટરશ્રી દ્વારા કરવાની રહેશે.

3. આ પરિપત્ર મહેસુલ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર ઉધોગ અને ખાણ વિભાગની તા:૩૧-૦૩-૨૦૨૩ની નોંધથી તથા સરકારશ્રીની મળેલી મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુનિલ સલુજા)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ ,ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર( પત્ર દ્વારા )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રી શ્રી(મહેસૂલ) ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવ શ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવ શ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.) અને મહેસુલ તપાસણી કમિશનરશ્રી ,બ્લોક નંબર 11, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ખ-5 સર્કલ, સેક્ટર- 14,ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી( વિવાદ),મહેસૂલ વિભાગ, સોલા વિદ્યાપીઠ સામે, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી ગુજરાત રાજ્ય અમદાવાદ અને રાજકોટ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ,શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ ,અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ,શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, પરિપત્રની નકલ વિભાગની વેબસાઇટ પર મૂકવા સારૂ.
- પ્રોજેક્ટ મેનેજરશ્રી (સ્ટેટ મોનીટરીંગ સેલ , i-ORA સોફ્ટવેરમાં જરુરી સુધારા NIC પાસેથી કરાવવા અર્થે)
- પસંદગી ફાઇલ.
- શાખા ફાઇલ-ક શાખા.

**ગુજરાત રાજ્યમાં સ્થપાતા રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ માટે ખાનગી માલીકીની લીઝથી ધારણ કરેલ જમીનને મહત્તમ ૩૦ વર્ષ માટે હંગામી બિનખેતી પરવાનગી આપવા બાબત**

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

પરિપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૨૨/ઓએમઆર-૨૪/ક (લીઝ)

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૧૬-૧૦-૨૦૨૩

**સંદર્ભ :** (૧) મહેસૂલ વિભાગનો તા.૦૧/૦૭/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક

(૨) મહેસૂલ વિભાગનો તા.૧૨/૧૨/૨૦૧૮ નો પરિપત્ર ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક

(૩) મહેસૂલ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૧૫/૯૨૪/અ-૧

(૪) ગુજરાત એક્ટ નં.૩/૨૦૧૬, તા: ૨૧/૦૩/૨૦૧૬,

(૫) ગુજરાત પાવર પોલીસી-૨૦૨૧, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, ગુજરાત સરકાર

(૬) મ.વિ.નો તા: ૧૩-૦૪-૨૦૨૩ નો પરિપત્ર ક્ર: બખપ/૧૦૨૦૨૨/ઓએમઆર-૨૪/ક (સોલાર)

(૭) મ.વિ.નું તા: ૨૫-૦૬-૨૦૨૧ નું જાહેરનામા ક્ર: GHM/2021/86/M/BKP/102018/484/K

(૮) ગુજરાત જમીન મહેસુલ નિયમો,૧૯૭૨ ના નિયમ-૯૧

(૯) મહેસુલ વિભાગનો તા: ૨૬/૦૯/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક

**: પ્રસ્તાવના :**

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ હેઠળ કાર્યરત સોલાર પાવર પોલીસી-૨૦૨૧ અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધી ૧૦૦ ગીગાવોટ પાવર જનરેશનનો લક્ષ્યાંક રાખવામાં આવેલ. ગુજરાતનાં ઉદ્યોગ સાહસિકો તેમજ જમીન માલિકો બન્નેને ફાયદો થાય તેવા ઉદ્દેશથી આવી જમીનોમાં રીન્યુએબલ એનર્જી પ્રોજેકટ સ્થાપવા માટે ડીમ્ડ એન.એ. પરવાનગીનો લાભ મળે તો આવા પ્રોજેકટો ઝડપથી કાર્યરત થાય અને ઉર્જા ઉત્પાદનના મહાત્વાકાંક્ષી લક્ષ્યાંકો સિધ્ધ કરી શકાય. ભારત સરકારના MNRE મંત્રાલય દ્વારા ખેડુતો માટે તા: ૧૩-૦૩-૨૦૧૯ થી અમલી PM-KUSUM યોજનાના ભાગ – A અંતર્ગત વિકેંદ્રિત ગ્રીડ દ્વારા ૧૦૦૦૦ મેગાવોટ ઉર્જા ઉત્પાદનનો લક્ષ્યાંક છે.

મ.વિ. ના સંદર્ભ (૬) દર્શિત પરિપત્ર દ્વારા " ગુજરાત રાજ્યમાં સ્થપાતા રીન્યુંએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ જેવા કે, સુર્ય ઉર્જા, પવન ઉર્જા, વિન્ડ-સોલાર હાઇબ્રીડ આધારિત પ્લાન્ટ, સોલાર પ્રોજેકટને તથા કેંદ્ર સરકારની PM-KUSUM યોજના અંતર્ગત સ્થાપવામાં આવતા સોલાર પાવર

પ્લાન્ટના હેતુને પ્રામાણિક ઔદ્યોગિક હેતુ (બોનાફાઇડ ઈન્ડસ્ટ્રીયલ પરપઝ) તરીકે માન્યતા મળેલ હોઇ ,ખાનગી માલીકીની જમીનનો આ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવે કે આ હેતુઓ માટે જમીન ખરીદવા અને ઉપયોગ કરવા અંગેની પ્રવૃત્તિને ગુજરાત જમીન મહેસુલ સંહિતા,૧૮૭૯ ની કલમ-૪૮ તથા કલમ ૬૫-બી હેઠળ આવરી લઇ તેને ખરેખર ઔદ્યોગિક હેતુ ગણી ડીમ્ડ એન.એ. પરવાનગી આપવા અંગે કાર્યવાહી કરવા તમામ કલેકટરશ્રીઓને સુચિત કરવામાં આવેલ છે."

૨. રાજ્યમાં તમામ રીન્યુએબલ એનર્જીના પ્રોજેકટસ જેવા કે, સુર્યઉર્જા, પવન ઉર્જા, વીન્ડ-સોલાર હાઇબ્રીડ, PM-KUSUM યોજના વિગેરે પ્રોજેકટના ઝડપી વિકાસ માટે આ યોજનાઓ હેઠળ સ્થાપિત થતા પાવર પ્લાન્ટ માટે ખાનગી માલીકીની ભાડાપટ્ટે (લીઝ) પર ધારણ કરેલ જમીનને પણ ડીમ્ડ એન.એ. પરવાનગીનો લાભ આપવામાં આવે તો આવા પ્લાન્ટ ઝડપથી કાર્યરત થઇ શકે તે બાબતની રજુઆત સરકારશ્રીને મળેલ હતી.આથી રીન્યુએબલ એનર્જી બેઝડ તમામ પ્રકારના પાવર પ્લાન્ટના હેતુ માટે ખાનગી માલીકીની ભાડાપટ્ટે (લીઝ) પર ધારણ કરેલ જમીનને ઝડપી બિનખેતી પરવાનગી મળે અને ઉર્જા ઉત્પાદનના લક્ષ્યાંક સિધ્ધ થઇ શકે તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**: પરિપત્ર :**

પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે નિમ્નલિખિત સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે :

"રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ જેવા કે, સુર્ય ઉર્જા, પવન ઉર્જા, વિન્ડ-સોલાર હાઇબ્રીડ આધારિત પ્લાન્ટ, સોલાર પ્રોજેકટને તથા કેંદ્ર સરકારની PM-KUSUM યોજના અંતર્ગત સ્થાપવામાં આવતા સોલાર પાવર પ્લાન્ટના હેતુ માટે ભાડાપટ્ટે ધારણ કરેલ ખાનગી માલિકીની જમીનના કાયદેસરના લીઝ ધારણ કરનાર રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદક અરજદાર/કંપની/અન્યને રીન્યુએબલ એનર્જીના તમામ હેતુ નિમ્નલિખિત શરતો/ જોગવાઇઓને આધીન મહત્તમ ૩૦ વર્ષના સમયગાળા માટે હંગામી બિનખેતી પરવાનગી આપવા બાબત નિમ્નલિખિત સુચનાઓ/કાર્યપધ્ધતિ મુજબ કાર્યવાહી કરવા તમામ જિલ્લા-કલેકટરશ્રીઓને સુચિત કરવામાં આવે છે :

**અરજીની ચકાસણી / ખરાઇ, વસુલવાપાત્ર વેરા સંબંધિત જોગવાઇઓ :**

(૧) નિયમાનુસાર લીઝ અગ્રીમેંટ દ્વારા ખાનગી માલીકીની જમીન લીઝ હકકથી ધારણ કરનાર રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદક અરજદાર/કંપની/અન્ય તથા લીઝ આપનાર જમીનના કાયદેસરના કબ્જેદાર દ્વારા સહી કરીને હંગામી બિનખેતી પરવાનગી મેળવવા માટે નિયત નમુનામાં (પરિશિષ્ટ-૧) ઓનલાઇન અરજી તથા સ્વ-ઘોષણાપત્ર (પરિશિષ્ટ-૨) મુજબ રજુ કરવાના રહેશે.

55 B

(૨) હંગામી બિનખેતી પરવાનગીની ઓનલાઇન અરજી કરતા સમયે અરજદારશ્રી દ્વારા નિયમાનુસાર સવાલવાળી જમીનના માંગણી મુજબના ક્ષેત્રફળ આધારિત પ્રોસેસ ફી ૫૦ પૈસા પ્રતિ ચો.મી. લેખે ભરપાઇ કરવાના રહેશે, જે નોન-રીફંડેબલ રહેશે. પ્રોસેસ ફીની આ રકમ જિલ્લા ઇ-ધરા ફંડમાં જમા થશે.

સંદર્ભ(૯)દર્શિત પરિપત્રની જોગવાઇઓ મુજબ નિયમાનુસારના કારણોસર અરજી અસ્વીકાર કે દફતરે થયાના કિસ્સામાં તે જ જમીન માટે તે જ મોબાઇલ નંબર અને તે જ ઇ-મેલ આઇડીથી પુન:અરજી કરવામાં આવે તો સવાલવાળી જમીનના માંગણી મુજબના ક્ષેત્રફળ આધારિત ૧૦ પૈસા પ્રતિ ચોમી લેખે પ્રોસેસ ફી ભરપાઇ કરવાની રહેશે.

(૩) હંગામી બિનખેતી પરવાનગીની નિયંત નમુનાની (પરિશિષ્ટ-૧) મુજબની અરજીનો સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા સ્વીકાર થયેથી, તેઓ દ્વારા હંગામી બિનખેતી પરવાનગીની માંગણીવાળી જમીન સરકારી પડતર / ગૌચર/ જાહેર હેતુસર અનામત પૈકીની/ ભુદાનની/ જમીન ટોચ મર્યાદા ધારા હેઠળની નહીં પરંતુ ખાનગી માલીકી પ્રકારની જ હોવા અંગેની ખરાઇ ઉપલબ્ધ રેકર્ડના આધારે તથા સવાલવાળી જમીનના રેવન્યુ કેસ/તકરારી કેસો તથા નામદાર હાઇકોર્ટ સમક્ષ ચાલતા કેસોની તપાસ તેમના તાબાના વર્ગ-૨ કે વર્ગ-૩ના શિરસ્તેદારથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારી મારફત આંતરિક વ્યવસ્થાથી દિન-૭ માં કરી લેવાની રહેશે.

(૪) આ પ્રકારે નિયત નમુનાની (પરિશિષ્ટ-૧) મુજબની અરજીની નિયમાનુસારની ચકાસણી બાદ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા વસુલવાપાત્ર રુપાંતર કર,બિનખેતી આકાર,લોકલ ફંડ,શિક્ષણ ઉપકર તથા અન્ય વેરા ભરપાઇ કરવાની જાણ આ સાથે સામેલ પરિશિષ્ટ-(૨) મુજબ અરજદારને અરજી મળ્યાના દિન-૧૫ માં કરવાની રહેશે.અરજદારશ્રી દ્વારા તેઓને આ પ્રકારે જાણ થયા તારીખથી ૦૭ દિવસની મુદ્દતમાં આ રકમ ઓનલાઇન ભરપાઇ કરવાની રહેશે. નિયત સમયમર્યાદામાં રકમ ભરપાઇ ન થયેથી અરજી આપોઆપ દફતરે થશે.

(૫) અરજદારશ્રી પાસેથી લીઝના સંપુર્ણ સમયગાળા (મહત્તમ ૩૦ વર્ષ) માટે મ.વિ. ના તા: ૨૫/૦૬/૨૦૨૧ ના જાહેરનામાથી અમલી બિનખેતી આકાર,લોકલ ફંડ,શિક્ષણ ઉપકર એકસામટા આગોતરા જ વસુલી લેવાના રહેશે. રુપાંતર કર ફક્ત બિનખેતી હેતુ માટે વસુલવાપાત્ર હોઇ તે એકવડો જ વસુલ કરવાનો રહેશે.

**મહેસુલી રેકર્ડની જાળવણી :**

(૬) વસુલવાપાત્ર રુપાંતર કર,બિનખેતી આકાર,લોકલ ફંડ,શિક્ષણ ઉપકર તથા અન્ય વેરા અરજદારશ્રી દ્વારા ઓનલાઇન/ ચલણ દ્વારા ભરપાઇ થયાના આધાર/ચલણ સહિત સક્ષમ સત્તાધિકારીશ્રીને જાણ થયાના ૦૫ દિવસમાં, સક્ષમ સત્તાધિકારીશ્રી-દ્વારા અરજીની તારીખથી દિન-૩૦ માં હંગામી બિનખેતી પરવાનગીની આખરી મંજુરી/ નામંજુરીનો વિગતવાર આ સાથે સામેલ પરિશિષ્ટ-(૬) મુજબ કરવાનો રહેશે.

(૭) સક્ષમ સત્તાધિકારીશ્રીએ અરજદારશ્રી દ્વારા સુપ્રત થયેલ નિયમાનુસારની (પરિશિષ્ટ-૧) મુજબની અરજી પર રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદક અરજદાર/કંપની/અન્ય તથા લીઝ આપનાર જમીન માલિકની સહી સાથેની હંગામી બિનખેતી પરવાનગી મેળવવા માટે નિયત નમુનાની અરજી મળ્યેથી અને ફકરા (૫) અને (૬) મુજબનાં તમામ સરકારી લેણાં ભરપાઇ થયાનાં આધાર/ચલણ રજુ થયેથી સક્ષમ સત્તાધિકારીશ્રી-દ્વારા અરજીની તારીખથી દિન-૩૦ માં આખરી હુકમ ન થાય તો આ રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદક અરજદાર/કંપની/અન્યને આપોઆપ હંગામી ડીમ્ડ એન.એ. મળેલ ગણાશે.

(૮) પરિશિષ્ટ-(૬) મુજબના હુકમની (લીઝ આપનારનું નામ,લીઝ લેનારનું નામ, લીઝનો સમયગાળો વગેરે બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખસહિત ) નોંધ ગામ.ન.નં.૬ માં કરવાની રહેશે અને તે નોંધ નિયમાનુસાર પ્રમાણિત થયેથી ગામ.ન.નં.૭ માં બીજા હક્કમાં " લીઝથી ધારણ કરનાર અરજદાર/કંપની/અન્યને ૩૦ વર્ષ માટે રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદન માટે હંગામી બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે." તેવો ઉલ્લેખ કરવાનો રહેશે. અને ગામ ન.નં.૭ તથા ગામ ન.નં.૬ માં વારસાઇ/ બોજા હક્ક દાખલ/બોજા કમી સિવાયના તબદીલી/વેચાણ/હેતુફેરને લગતાં મ્યુટેશન હંગામી બિનખેતીના સમયગાળા સુધી સ્થગિત કરી દેવાના રહેશે. મહેસુલી રેકર્ડમાં જમીનના કાયદેસરના ધારણકર્તા તરીકે મુળ લીઝ આપનાર ખેડુત જ યથાવત રહેશે.

**લીઝનો સમયગાળો પુર્ણ/ લીઝ રીન્યુઅલ તથા શરતભંગ સંબંધિત જોગવાઇઓ :**

(૯) લીઝનો સમયગાળો પુર્ણ થયેથી ગુજરાત જમીન મહેસુલ નિયમો,૧૯૭૨ ના નિયમ-૯૧ ની જોગવાઇને આધીન બિનખેતીનો ઉપયોગ પુર્ણ થયેથી જમીન મુળ સ્વરુપમાં લાવવાની રહેશે અને જમીન મુળ ધારણકર્તા એટલે કે લીઝ કરી આપનાર કાયદેસરના કબજેદાર મુળ ખેતી હેતુ માટે જ મુળ શરતથી જ ધારણ કરશે. સવાલવાળી જમીનની હંગામી બિનખેતીનો સમયગાળો પુર્ણ થયેથી સક્ષમ

સત્તાધિકારી દ્વારા ગુજરાત જમીન મહેસુલ નિયમો,૧૯૭૨ ના નિયમ-૯૧ મુજબ નવીન ખેતીનો આકાર નક્કી કરી તેની ખતવણી કરવાની રહેશે.

(૧૦) આ પ્રકારે મળેલ પરવાનગી હંગામી બિનખેતી પરવાનગી હોવાથી ખાનગી માલીકીની નવી શરતની જમીનો લીઝનો સમયગાળો પુર્ણ થયેથી નવી શરતની ખેતીની જમીન બનશે અને જો કાયમી બિનખેતીમાં ફેરવવાની થાય તો નિયમાનુસાર પ્રીમીયમની વસુલાતને પાત્ર રહેશે.

(૧૧) આ પ્રકારે હંગામી બિનખેતી પરવાનગી મળેલ જમીન પર રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદનની કામગીરી તથા તેને સંલગ્ન આવશ્યક બાંધકામ જ કરવાનું રહેશે.

(૧૨) ઉપર્યુક્ત હંગામી બિનખેતી પરવાનગીના હુકમી કોઇપણ શરતો કે સરકારશ્રીની બિનખેતી પરવાનગી સંબંધિત સ્થાયી સુચનાઓનો ભંગ થયેથી આ હુકમથી મળેલ હંગામી બિનખેતી પરવાનગી આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

(૧૩) બિનખેતી પરવાનગીનો સમયગાળો કે લીઝનો સમયગાળો પુર્ણ થયેથી લીઝ કરી આપનાર તથા લીઝ લેનાર બંનેની સંમતિથી લીઝ રીન્યુઅલ થયેથી પુન: હંગામી બિનખેતીની પરવાનગી મેળવવા નિયમાનુસારની અરજી (પરિશિષ્ટ-૧) મુજબ કરવાની રહેશે.

(૧૪) હંગામી બિનખેતી પરવાનગી રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદન અંગેની જ હોઇ , નિયમાનુસાર મેળવવાપાત્ર અન્ય પરવાનગીઓ સક્ષમ અધિકારીઓ પાસેથી લીઝ કરી આપનાર તથા લીઝ ધારણ કરનાર દ્વારા મેળવી લેવાની રહેશે.

(૧૫) આ પ્રકારની હંગામી બિનખેતી પરવાનગી સક્ષમ અધિકારી પાસેથી મળ્યેથી પણ જમીનના ધારણકર્તા કે ટાઇટલમાં કોઇ ફેરફાર થશે નહીં અને ટાઇટલ સંબંધિત તમામ જવાબદારી લીઝ કરી આપનાર જમીનના કાયદેસરના કબજેદારની જ રહેશે.

(૧૬) આ પ્રકારની હંગામી બિનખેતી પરવાનગી સક્ષમ અધિકારી પાસેથી મળ્યેથી જમીનનો ઉપયોગ હંગામી બિનખેતી હેતુ માટે થતો હોઇ જમીનના કાયદેસરના કબજેદાર તેઓનો ખેડુત ખાતેદાર તરીકેનો દરજ્જો ગુમાવશે નહિ તથા લીઝ પર જમીન મેળવનાર રીન્યુએબલ એનર્જી/સોલાર ઉર્જા ઉત્પાદક,અરજદાર/કંપની/અન્ય ખેડુત ખાતેદાર હોવાનો દરજ્જો ધારણ કરી શકશે નહીં કે આ બાબતે કોઇ હક્ક-દાવો પણ કરી શકશે નહીં.

(૧૭) રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ જેવા કે, સુર્ય ઉર્જા, પવન ઉર્જા, વિન્ડ-સોલાર હાઇબ્રીડ આધારિત પ્લાન્ટ, સોલાર પ્રોજેકટને તથા કેંદ્ર સરકારની PM-KUSUM યોજના અંતર્ગત સ્થાપવામાં

આવતા સોલાર પાવર પ્લાન્ટના હેતુને હંગામી બિનખેતી પરવાનગી આપવા બાબત સક્ષમ સત્તાધિકારીશ્રી તરીકે સંબંધિત પ્રાંત અધિકારીશ્રી રહેશે.

(૧૮)સદરહુ હેતુઓ માટે ખેતીની જમીન લીઝ સિવાય ખરીદીને પ્રાપ્ત કરનાર બોનાફાઇડ પરચેઝરને સંદર્ભ (૬) દર્શિત પરિપત્ર મુજબ કલમ ૬૫-બી હેઠળ નિયમાનુસાર ડીમ્ડ એન.એ.નો લાભ મળવાપાત્ર થશે અને તે માટે હાલની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૯) હંગામી બિનખેતી અંગેનો હુકમ થયા બાદ કોઇપણ તબક્કે તથા કોઇપણ કારણોસર લીઝ પુર્ણ કરવામાં આવે તો હંગામી બિનખેતી માટે સરકારશ્રીમાં ભરપાઇ કરેલ નાણાં નોન-રીફંડેબલ રહેશે.

૩. ઉપર્યુક્ત ફકરા (૨) મુજબનું રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ જેવા કે, સુર્ય ઉર્જા, પવન ઉર્જા, વિન્ડ-સોલાર હાઇબ્રીડ આધારિત પ્લાન્ટ, સોલાર પ્રોજેકટને તથા કેંદ્ર સરકારની PM-KUSUM યોજના અંતર્ગત સ્થાપવામાં આવતા સોલાર પાવર પ્લાન્ટના હેતુની બિનખેતી પરવાનગીનું ઓનલાઇન મોડ્યુલ iORA portal પર પ્રોજેકટ ઓફીસરશ્રી(એસ.એમ.સી.) દ્વારા એન.આઇ.સી. પાસેથી તૈયાર કરાવી લેવાનું રહેશે.

૪. આ પરિપત્ર મહેસુલ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલી સરકારશ્રીની મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુનિલ સલુજા)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ ,ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર( પત્ર દ્વારા )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રી શ્રી(મહેસૂલ) ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવ શ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવ શ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.) અને મહેસુલ તપાસણી કમિશનરશ્રી ,બ્લોક નંબર 11, સચિવાલય,ગાંધીનગર.

- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ખ-5 સર્કલ, સેક્ટર- 14,ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી( વિવાદ),મહેસૂલ વિભાગ, સોલા વિદ્યાપીઠ સામે, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી ગુજરાત રાજ્ય અમદાવાદ અને રાજકોટ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ,શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ ,અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ,શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, પરિપત્રની નકલ વિભાગની વેબસાઈટ પર મૂકવા સારૂં.
- પ્રોજેક્ટ ઓફીસરશ્રી (સ્ટેટ મોનીટરીંગ સેલ , i-ORA સોફ્ટવેરમાં જરુરી સુધારા NIC પાસેથી કરાવવા અર્થે)
- પસંદગી ફાઇલ.
- શાખા ફાઇલ-ક શાખા.

## પરિશિષ્ટ -૧

**રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ માટે ખાનગી માલીકીની લીઝથી ધારણ કરેલ જમીનને હંગામી બિનખેતી પરવાનગી આપવા બાબતની અરજીનો નમુનો.**

પ્રતિ,
પ્રાંત અધિકારીશ્રી, .............
જી. .............

**વિષય:- રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ માટે ખાનગી માલીકીની લીઝથી ધારણ કરેલ જમીનને હંગામી બિનખેતી પરવાનગી આપવા તથા રૂપાંતર કર / બિનખેતી આકાર / અન્ય વેરા નિયત કરવા તથા આ સંદર્ભેની બીજા હકકમાં નોંધ કરવા બાબત.**

(૧) અરજદાર ની વિગત (પત્રવ્યવહાર માટે)
- (ક) અરજદાર નું નામ: .............
- (ખ) અરજદાર નું સરનામું: .............
- (ગ) શહેર/ગામ નું નામ: .............
- (ઘ) પીન કોડ નંબર: .............
- (ચ) અરજદાર નો મોબાઇલ નંબર: .............
- (છ) અરજદાર નું ઈ-મેઈલ: .............

(૨) હાલની માંગણી વાળી જમીનની વિગત
- (ક) જિલ્લો: .............
- (ખ) તાલુકો: .............
- (ગ) ગામનું નામ: .............
- (ઘ) સરવે નંબર / બ્લોક નંબર: .............
- (ચ) ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ (ચો.મી.) : .............
- (છ) માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.): .............

(૩) લીઝ આપનાર ની વિગત
- (ક) ૭/૧૨ મુજબ ખાતેદાર નું નામ: .............
- (ખ) સરનામું: .............
- (ગ) મોબાઈલ નંબર: .............
- (ઘ) ઈ-મેઈલ એડ્રેસ હોય તો: .............
- (ચ) ઓળખ પ્રમાણપત્ર નંબર: ............. (આઇ.ડી. પ્રુફની નકલ)

(૪) લીઝ મેળવનાર ની વિગત
- (ક) લીઝ મેળવનાર નું નામ: .............
- (ખ) સરનામું: .............
- (ગ) મોબાઈલ નંબર: .............
- (ઘ) ઈ-મેઈલ એડ્રેસ હોય તો: .............
- (ચ) વ્યક્તિગત કિસ્સામાં ઓળખ પ્રમાણપત્ર નંબર: ............. (આઇ.ડી. પ્રુફની નકલ)/
  કંપનીના કિસ્સામાં રજીસ્ટ્રેશન નંબર: ............. (રજીસ્ટ્રેશન પ્રુફની નકલ)

(૫) જમીન લીઝથી ધારણ કરવાનો હેતુ: .............
સુર્ય ઉર્જા આધારિત પ્લાન્ટ/ પવન ઉર્જા આધારિત પ્લાન્ટ/ વિન્ડ-સોલાર હાઇબ્રીડ પ્લાન્ટ/ સોલાર પ્રોજેક્ટ/ PM-KUSUM યોજના અંતર્ગત સોલાર પ્લાન્ટ

(૬) લીઝ માટેનો સમયગાળો (લીઝ એગ્રીમેન્ટની નકલ)
વર્ષ ............. માસ ............. દિવસ.............

ઉકત જમીન સંદર્ભે ભરવાના થતા રૂપાંતરકર / બિનખેતી આકાર / અન્ય વેરાની રકમ નિયત કરી આપવા વિનંતી છે.

અમોએ જે લેખિત વિગતો આપેલ છે તે સાચી છે આ સંદર્ભે સરકારશ્રીની તમામ શરતો હશે તથા છે તેનું પાલન કરવા અમો બંધાયેલા છીએ.

સ્થળ: .............

તારીખ: .............

..................................

લીઝ આપનારની સહી

લીઝ તથા લીઝ એગ્રીમેન્ટની ઉપર દર્શાવેલ વિગતો ખરી છે તથા અમો જાણીએ છીએ કે, ઉકત પરવાનગી મળવાથી અમને ખેડૂત તરીકેના કોઇ જ હકકો પ્રાપ્ત થતા નથી તથા આ અરજીમાં દર્શાવેલ વિષયથી તથા તેનાથી મર્યાદિત થતી બાબતથી અમે સંપૂર્ણ જ્ઞાત છીએ. રીન્યુએબલ એનર્જી ઉત્પાદન સંદર્ભેની અન્ય તમામ મંજૂરીઓ અલગથી મેળવેલ છે / મેળવ્યા બાદ જ ઉપયોગ કરવામાં આવશે. ઉપર ઉલ્લેખિત બાબતોની અમો બાંહેધરી આપીએ છીએ.

સ્થળ: .............

તારીખ: .............

..................................

લીઝ મેળવનારની સહી

બિડાણ:-

(૧) લીઝ આપનાર તથા મેળવનાર ના ઓળખના પુરાવા
(૨) કંપનીના કિસ્સામાં રજીસ્ટ્રેશનની નકલ
(૩) વ્યકિતગત સિવાયના કિસ્સામાં લીઝ મેળવનાર તરીકે સહી કરનારના અધિકૃતતાના પુરાવા
(૪) લીઝ એગ્રીમેન્ટની નકલ

62

**પરિશિષ્ટ - ૨**

મહેસૂલ વિભાગના ......... ક્રમાંકઃ- .......................................

**સ્વ-ઘોષણા (Self Declaration)**

આથી હું/અમે, આ સ્વ-ઘોષણા પર સહી કરનાર....

**લીઝ આપનાર,**

| અ.નં. | નામ | સરનામું | ઉંમર | આધાર કાર્ડ /ઓળખપત્ર નંબર |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |

**લીઝ મેળવનાર,**

| અ.નં. | નામ | સરનામું | ઉંમર | આધાર કાર્ડ /ઓળખપત્ર નંબર |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |

આથી હું / અમે નીચેની વિગતો કે જે અમે આ જમીનની હકક પત્રક નોંધો અને તમામ ૭/૧૨ ને તપાસી કે જે સત્ય છે તે રજુ કરીએ છીએ.

(૧) સ.નં./બ્લોક નં. ________, મોજે ________, તાલુકો ________, જિલ્લો ________, ક્ષેત્રફળ ________ વાળી જમીન અમે ઉત્તરોત્તર પ્રવર્તમાન જોગવાઇઓના કોઇપણ ઉલ્લંઘન સિવાય કાયદેસર ધારણ કરીએ છીએ.

(૨) અમો ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમમાં નિયત થયેલ ક્ષેત્રફળથી વધુ જમીન ધરાવતા નથી.

(૩) ઉકત જમીન, ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ ફાજલ થયેલ નથી તથા આ કાયદા હેઠળ સરકાર હસ્તક દાખલ થયેલ નથી.

(૪) આ જમીન ભૂદાનની, ખેત જમીન ટોચમર્યાદા હેઠળ ફાજલ કે સાંથણીની નથી.

(૫) ઉકત જમીન અમે ધારણ કરીએ છીએ તે સરકારી / ગૌચર / તળાવ / સામૂદાયિક ઉપયોગ કે અન્ય કોઇ જાહેર હેતુ અંગેની નથી કે પ્રિમિયમ ભરવાપાત્ર નથી કે પ્રિમિયમ ભરવા પર બાકી નથી.

(૬) ઉકત જમીન પર અમારો અધિકૃત કબજો છે.

(૭) આ જમીન ખેતીના હેતુની તથા ખુલ્લી (બાંધકામ સિવાયની) જમીન છે.

(૮) આ જમીનનો ઉપયોગ પરિપત્ર ...................... ની જોગવાઇ મુજબ રીન્યુએબલ એનર્જી ઉત્પાદન હેતુ માટે જ કરવાનો છે.

(૯) ઉકત જમીનના ટાઇટલ સંદર્ભેની તમામ જવાબદારી અમારી ધારણકર્તા (કબજેદાર) ની રહેશે.

(૧૦) પ્રસ્તુત જમીન તથા તે સંદર્ભેની કોઇ પણ પ્રક્રિયા અન્વયે કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થયે તે અંગેની સઘળી જવાબદારી અમારી રહેશે.

(૧૧) વિવિધ કાયદા હેઠળ કેસની વિગત

| | વિવિધ કાયદા હેઠળ કેસની વિગત | હા / ના | જો "હા" તો કેસની વિગત |
|---|---|---|---|
| | (૧) | (૨) | (૩) |
| a) | ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ હેઠળ કોઇ કેસ નોંધાયેલ છે? અથવા હાલ કઇ પ્રક્રિયા હેઠળ છે? | હા / ના | |
| c) | ગણોતધારા હેઠળ કોઇ કેસ નોંધાયેલ છે? અથવા હાલ પ્રક્રિયા હેઠળ છે? | હા / ના | |
| c) | મામલતદારશ્રી/પ્રાંત અધિકારીશ્રી/ કલેકટરશ્રી / સમક્ષ કોઇ કેસ નોંધાયેલ છે? | હા / ના | |
| d) | સિવિલ કોર્ટ, નામ. હાઇકોર્ટ, નામ. સુપ્રિમ કોર્ટ અથવા મહેસૂલ પંચ, સચિવશ્રી વિવાદની કોર્ટમાં કોઇ કેસ નોંધાયેલ છે? | હા / ના | |

(૧૨) સદર જમીન પર કોઇ કોર્ટનાં હુકમ મુજબ મનાઇ હુકમ છે.? હા / ના જો "હા" તો વિગત

(૧૩) સદર જમીન ટાંચમાં લેવા હુકમ થયેલ છે? હા / ના જો "હા" તો વિગત

અથવા ટાંચમાં લેવામાં આવેલ છે?

(૧૪) આ જમીન કોઇ પણ હેતુ માટે સંપાદન થયેલ છે? અથવા હાલ સંપાદન હેઠળ છે? હા / ના જો "હા" તો કેસની વિગત

(૧૫) ઉકત ખેતીની જમીનના રીન્યુએબલ એનર્જી ઉત્પાદન માટે અમો જમીનના અધિકૃત ધારણકર્તા (લીઝ આપનાર) તથા નીચે જેનો ઉલ્લેખ છે તે લીઝ મેળવનાર વચ્ચે નિયમોનુસાર ................ વર્ષની મુદત માટે લીઝ એગ્રીમેન્ટ થયેલ છે.

(૧૬) જો ઉપર જણાવેલ હકીકતો પૈકીની કોઇપણ હકીકત ખોટી માલુમ પડશે તો અમોને આપવામાં આવતી મંજૂરી અંગેની પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે/અથવા રદ કરવામાં આવશે તો અમોને બંધનકર્તા રહેશે અને તે બાદ ઉપસ્થિત થનાર તમામ કાયદાકીય તથા નાણાંકીય જવાબદારી મારી/અમારી રહેશે.

(૧૭) અમો બાંહેધરી આપીએ છીએ કે, આ મંજૂરી પ્રસ્તુત ખેતી ઉપયોગની જમીન લીઝ પર આપવાથી ભરપાઇ કરવાના જરૂરી રૂપાંતર કર તથા અન્ય તમામ વેરા નિયત કરવા પુરતી મર્યાદિત છે તથા જમીનના ટાઇટલ સંદર્ભેની બાબતોની સઘળી જવાબદારી અમારી છે. તથા આ જમીનના રીન્યુએબલ એનર્જી ઉત્પાદનના હેતુ માટેની અન્ય તમામ મંજૂરીઓ મેળવવાની રહેશે અને તે મળ્યેથી જ ઉકત ઉપયોગ શરૂ કરી શકાશે.

(૧૮) અમો એ બાબતે પણ બાંહેધરી આપીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની કોઇપણ વિગતે ખોટી અથવા અર્ધસત્ય કે ગેરમાર્ગે દોરનાર કે છેતરપીંડી વાળી હોય તો આથી આપવામાં આવેલી બિનખેતીની મંજુરીને પરિણામે ઉભી થનારી સઘળી પરિસ્થિતિ અંગેની સઘળી જવાબદારી અમારી રહેશે અને રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહી. તેમજ આ પ્રકારની ખોટી માહિતી રજુ કરવા બદલ પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ અમારી સામે કાયદેસર/કાનુની કાર્યવાહી થઇ શકશે તે હું/અમે સ્વીકારીએ છીએ.

ઉપરોક્ત સ્વઘોષણા પત્રની વિગતો વાંચી-સમજીને, સઘળી હકીકત ખરી અને સત્ય જાહેર કરીને આજ તા................ ના રોજ મારી હયાતી સંપૂર્ણ સભાન અવસ્થામાં, બિનકેફ હાલતમાં, કોઇપણ જાતના દાબદબાણ વિના, મુક્ત સંમતિથી જાહેર કરેલ છે.

આથી હું/અમે નીચે સહી કરનાર આથી જાહેર કરું છું/કરીએ છીએ કે મારા/અમારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઇ બાબત છુપાવેલ નથી. હું એ જાણું છું/અમે એ જાણીએ છીએ કે ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ ભારતીય દંડ સંહિતા(IPC)ની જોગવાઇઓ હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજના આધારે મને અમને મળેલ લાભ મંજૂરી રદ થવા પાત્ર છે.

સ્થળ : ................

(ફોટો)

લીઝ આપનારની સહી

...................

તારીખ:..................

આધાર કાર્ડ / ઓળખપત્રની નકલ સામેલ રાખવી.

લીઝ તથા લીઝ એગ્રીમેન્ટની ઉપર-દર્શાવેલ વિગતો ખરી છે તથાં અમો જાણીએ છીએ કે, ઉકત પરવાનગી મળવાથી અમને ખેડૂત તરીકેના કોઇ જ હકકો પ્રાપ્ત થતા નથી તથા આ અરજીમાં દર્શાવેલ વિષયથી તથા તેનાથી મર્યાદિત થતી બાબતથી અમે સંપૂર્ણ જ્ઞાત છીએ. રીન્યુએબલ એનર્જી ઉત્પાદન સંદર્ભેની અન્ય તમામ મંજૂરીઓ અલગથી મેળવેલ છે / મેળવ્યા બાદ જ ઉપયોગ કરવામાં આવશે. ઉપર ઉલ્લેખિત બાબતોની અમો બાંહેધરી આપીએ છીએ.

સ્થળ : ..............................

તારીખ: ................

આધાર કાર્ડ / ઓળખપત્રની નકલ સામેલ રાખવી.

(ફોટો)

..........................

લીઝ મેળવનારની સહી

## પરિશિષ્ટ - ૩

**By e-mail / By online System**

**હંગામી બિનખેતી (અરજી મુદ્દા નં.૫) હેતુ માટેની પરવાનગી માટેની અરજી મળ્યાં બદલની પહોંચ**

અરજી નંબર ............
પ્રાંત કચેરી, ............
જિ. ............
તા. ............

પ્રતિ,
**(અરજદારનું પુરૂ નામ)**
**(અરજદારનું સરનામું)**

વિષય : હંગામી બિનખેતી અન્વયે (અરજી મુદ્દા નં.૫) ઉપયોગ કરવા અંગેની અરજીનો નિર્ણય કરવા અંગે કાર્યવાહી કરવા સ્વીકાર કરવા બાબત

સરવે/ બ્લોક નંબર ............ ગામ : ............ તાલુકો : ............ જિ. ............

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે આપની તા. ............ ના રોજની હંગામી બિનખેતી હેતુ (અરજી મુદ્દા નં.૫) માટેની અરજી આગળની જરૂરી કાર્યવાહી માટે સ્વીકાર કરવામાં આવેલ છે.

ઉક્ત આપની અરજી તપાસના અંતે નિર્ણય કરી, હવે પછી જાણ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

(............)
પૂર્વ ચકાસણી અધિકારી
પ્રાંત ............
જિ. ............

65

## પરિશિષ્ટ - ૪

**By e-mail / By online System**

### હંગામી બિનખેતી (અરજી મુદ્દા નં.પ) હેતુ માટેની પરવાનગી માટે અરજીના અસ્વીકારનો પત્ર

અરજી નંબર ...........
પ્રાંત કચેરી, ...........
જિ. ...........
તા. ...........

પ્રતિ,
**(અરજદારનું પુરૂ નામ)**
**(અરજદારનું સરનામું)**

વિષય : હંગામી બિનખેતી અન્વયે (અરજી મુદ્દા નં.પ)ઉપયોગ કરવા અંગેની અરજીનો નિર્ણય કરવા અંગે કાર્યવાહી કરવા અસ્વીકાર કરવા બાબત

સરવે/ બ્લોક નંબર ........... ગામ : ........... તાલુકો : ........... જિ. ...........

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે આપની તા. ........... ના રોજની હંગામી બિનખેતી હેતુ (અરજી મુદ્દા નં.પ) માટેની અરજી આગળની જરૂરી કાર્યવાહી માટે ઓનલાઇન અરજી અને સ્વ-ઘોષણા તથા જરૂરી પુરાવા રજુ કરેલ હતા.

અરજી તથા સ્વ-ઘોષણા ની ચકાસણી કરતાં નીચેના કારણોસર આપની અરજીનો અસ્વીકાર કરવામાં આવે છે.

- ☐ અરજીમાં પુરૂ નામ તથા સરનામું લખેલ નથી.
- ☐ ૭/૧૨ મુજબના તમામ ખાતેદારોની સહીથી અરજી કરેલ નથી.
- ☐ સહીવાળી અરજી અપલોડ કરેલ નથી.
- ☐ ૭/૧૨ મુજબના તમામ ખાતેદારોની સહીથી સ્વ-ઘોષણા થયેલ નથી.
- ☐ સહીવાળા સ્વ-ઘોષણા ની નકલ અપલોડ કરેલ નથી.
- ☐ નિયત નમુના મુજબ સ્વ-ઘોષણા માં વિગતો દર્શાવેલ નથી.
- ☐ અન્ય

(............)
પૂર્વ ચકાસણી અધિકારી
પ્રાંત ............
જિ. ............

## પરિશિષ્ટ - ૫

### ઇન્ટીમેશન પત્ર(Online Intimation)

અરજી નંબર ..........
પ્રાંત કચેરી, ..........
જિ. ..........
તા. ..........

પ્રતિ,
(અરજદારનું પુરૂં નામ)
(અરજદારનું સરનામું)

વિષય : રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ માટે ખાનગી માલીકીની લીઝથી ધારણ કરેલ જમીનને હંગામી બિનખેતી પરવાનગી આપવા બાબત તથા તે પરત્વે રૂપાંતર કર /બિનખેતી આકાર / અન્ય વેરા નિયત કરવા તથા આ સંદર્ભની બીજા હકકમાં નોંધ કરવા બાબત

સંદર્ભ:- (૧) મહેસુલ વિભાગનો તા :............ નો પરિપત્ર ક્રમાંક : બખાપ/૧૦૨૦૨૨/ઓએમઆર-૨૪/ક (લીઝ)

(૨) અરજદારશ્રી............................................ તા............ની અરજી.

ઉપર્યુક્ત વિષયની આપની તા.......... ની અરજી અન્વયે સંદર્ભ(૧)દર્શિત પરિપત્ર અન્વયે ચકાસણી કરતાં નીચે મુજબની રકમ ભરપાઇ કરવાની થાય છે.

| કરની વિગત | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) | વસુલવાપાત્ર કરના દર | વસુલાત/ વર્ષ | વસુલવાપાત્ર રકમ રુ. |
|---|---|---|---|---|
| રૂપાંતર કર | | | ૦૧ | |
| વિશેષ ધારો | | | અરજી મુદ્દા નં.૬ | |
| લોકલ ફંડ | | | અરજી મુદ્દા નં.૬ | |
| શિક્ષણ ઉપકર | | | અરજી મુદ્દા નં.૬ | |

ઉકત રકમ દિન-૦૭ માં ઓનલાઇન ભરપાઇ કરવાની રહેશે.

પ્રાંત અધિકારી શ્રી,
પ્રાંત :
જિલ્લો:

# પરિશિષ્ટ - ૬

## હુકમ

હુકમ નંબર ...........
પ્રાંત કચેરી, ...........
જિ ...........
તા. ...........

**વિષય : રીન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેકટસ માટે ખાનગી માલીકીની લીઝથી ધારણ કરેલ જમીનને હંગામી બિનખેતી પરવાનગી આપવા તથા રૂપાંતર કર /બિનખેતી આકાર / અન્ય વેરા નિયત કરવા તથા આ સંદર્ભેની બીજા હકકમાં નોંધ કરવા બાબત**

સંદર્ભ:- (૧) મહેસુલ વિભાગનો તા :............. નો પરિપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૨૨/ઓએમઆર-૨૪/ક (લીઝ)
(૨) અરજદારશ્રીની તા...........ની અરજી.
(૩) ઇન્ટીમેશન પત્ર તા.............

**હુકમ:-**

હુકમ સંદર્ભે ઠરાવ ક્રમાંક:.............................. અરજદારે સંદર્ભિત ઠરાવ અન્વયે રીન્યુએબલ એનર્જી ઉત્પાદન માટે જિ................., તા............., ગામ............., સ.નં. / બ્લોક નં............., વિસ્તાર..................ની જમીન ................... વર્ષ માટે ....................... ને ભાડા પટ્ટે આપેલ હોઇ રૂપાંતર કર / બિનખેતી આકાર / અન્ય વેરા નિયત કરવા માટે નિયત નમુનામાં અરજી કરેલ.

રેકર્ડથી ખાતરી કરતા ઉકત જમીન સરકારી / ગૌચર કે જાહેર હેતુ અંગેની નથી તથા ખાનગી ખાતેદારની માલિકીની જમીન છે.

પેરા-૧ ની અરજી સંદર્ભે સંદર્ભ-(૩) ના પત્ર અન્વયેની રકમ ભરપાઇ કરવામાં આવેલ છે.

જે જોતાં ઉપર ઉલ્લેખિત વર્ણન વાળી જમીન ................. વર્ષના રીન્યુએબલ એનર્જીના ઉત્પાદન માટે લીઝધારકશ્રી ......................... ને ભાડાપટ્ટે આપ્યાની નોંધ ગા.ન.નં.૬ માં કરી તે પ્રમાણિત થયે તેની અસર ગા.ન.નં.૭ માં બીજા હકકમાં કરવાના મર્યાદિત હેતુસર હુકમ કરવામાં આવે છે.

શરતો:-

(૧) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો) દર પ્રતિ ચો.મી.ના રૂા...........પ્રમાણે રૂા........... તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતો વખત ફેરફારનો પાત્ર રહેશે.

(૨) આ પ્રકારની મંજૂરીથી જમીન ધારણકર્તા (લીઝ આપનાર) અથવા જમીનના ટાઇટલમાં કોઇ ફેરફાર થશે નહીં ઉપરાંત ટાઇટલ સંદર્ભેની તમામ જવાબદારી લીઝ આપનારની ચાલુ રહેશે.

(૩) આ હુકમની ( લીઝ મેળવનારનું નામ / મુદત સહિતની) નોંધ ગા.ન.નં.૬ માં કરી તે પ્રમાણિત થયે ગા.ન.નં.૭ ના બીજા હકકમાં કરવાની રહેશે. જમીનના ધારણકર્તા(કબજેદાર) તરીકે લીઝ આપનારનું નામ મહેસૂલી રેકર્ડમાં યથાવત રહેશે.

(૪) લીઝને પરિણામે લીઝ આપનાર ખેડૂત ખાતેદારનો દરજ્જો માત્ર આ કારણથી ગુમાવશે નહીં તથા લીઝ મેળવનાર ખેડૂત તરીકેના દરજ્જો માત્ર આ લીઝના કારણે મેળવશે નહીં.

(૫) હાલની મંજૂરી માત્ર ઉકત વિષયમાં દર્શાવેલ બાબત પૂરતી જ મર્યાદિત ગણાશે.

(૬) આ જમીનનો ઉપયોગ લીઝ એગ્રીમેન્ટ અનુસાર જ તથા રીન્યુએબલ એનર્જીના ઉત્પાદન માટે જ કરવાનો રહેશે તથા એગ્રીમેન્ટ અનુસાર લીઝની મુદત ............ વર્ષ રહેશે.

(૭) ઉક્ત જમીનમાં મંજૂરી મળેલ હેતુ સિવાયના અન્ય કોઇ હેતુ માટે બાંધકામ કરી શકાશે નહીં.

(૮) હાલની મંજૂરી માત્ર ઉકત વિષયમાં દર્શાવેલ બાબત પૂરતી જ મર્યાદિત હોઇ રીન્યુએબલ એનર્જી ઉત્પાદન સંદર્ભે મેળવવાની થતી અન્ય મંજૂરીઓ સક્ષમ અધિકારીશ્રી પાસેથી અલગથી મેળવવાની રહેશે.

(૯) આ અંગે મેળવવાની થતી અન્ય મંજૂરીઓ અલગથી મેળવવાની રહેશે.

(૧૦) આ સંદર્ભે રીન્યુએબલ એનર્જી તથા તેના વહન અંગે મેળવવાની થતી તમામ મંજૂરીઓ સંબંધિત સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવવાની રહેશે.

(૧૧) હાલની મંજૂરીથી પ્રસ્તુત જમીન સંદર્ભેના ટાઇટલ તથા તેની સાથે સંકળાયેલ અન્ય બાબતો કે કાનૂની કાર્યવાહીને અસરકર્તા રહેશે નહીં.

(૧૨) લીઝ મેળવનારે ૧ વર્ષમાં ઉત્પાદન શરૂ કરવાનું રહેશે.

(૧૩) લીઝ પૂર્ણ થયે જમીન ધારણકર્તા મૂળ હેતુસર (ખેતી) ધારણ કરશે તથા જમીન મૂળ સ્વરૂપમાં લાવવાની રહેશે.

(૧૪) કોઇપણ શરતના ઉલ્લંઘનના સંજોગોમાં પ્રસ્તુત કિસ્સામાં મંજૂરી ન મળ્યાનુ માની તે અનુરૂપ કાર્યવાહી કરી શકશે.

પ્રાંત અધિકારી શ્રી,
પ્રાંત : જિલ્લો:

68

## પરિશિષ્ટ - ૭

By e-mail / By online System

### હંગામી બિનખેતી (અરજી મુદ્દા નં.પ) હેતુ માટેની પરવાનગી અરજી દફતરે કરવા અંગે જાણ કરતો પત્ર

અરજી નંબર ...........
પ્રાંત કચેરી, ...........
જિ. ...........
તા. ...........

પ્રતિ,
(અરજદારનું પુરૂં નામ)
(અરજદારનું સરનામું)

વિષય : હંગામી બિનખેતી અન્વયે (અરજી મુદ્દા નં.પ) ઉપયોગ કરવા અંગેની અરજી દફતરે કરવા બાબત.

સરવે/ બ્લોક નંબર ........... ગામ : ........... તાલુકો : ........... જિ. ...........

મહાશય,

ઉપરોક્ત વિષયે આપને જણાવવાનું કે, તા. ........... ના હંગામી બિનખેતી અન્વયે (અરજી મુદ્દા નં.પ) ઉપયોગ કરવા અંગેની આપની અરજી કાર્યવાહી માટે સ્વીકારવામાં આવેલ હતી.

ઉક્ત અરજીની તપાસના અંતે નીચેના કારણોસર આપની અરજી દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| • | ( Data Entry ) |
| • | ( Data Entry ) |
| • | ( Data Entry ) |
| • | ( Data Entry ) |

(........... )
પ્રાંત અધિકારી શ્રી
પ્રાંત ...........
જિ. ...........